Since 1925...

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at www.prakashsamiksha.com
E-mail : kdo_prakash@yahoo.co.in



RNIરજી. બાદ વર્ષ : ૧૫ • અંક : ૩૨ • તા. ૪ ઓગસ્ટ થી ૧૦ ઓગસ્ટ ૨૦૧૨ • વાર્ષિક લવાજમ ₹ ૫૦ | Regn. No. MH/MR/East/53/2012-14

## ઈ.સ. ૧૯૨૮ના ભાદરવામાં પ્રગટ થયેલ 'પ્રકાશ'નો ૪થો વાર્ષિક અંક સંતુલિત પત્રકારત્વનો શ્રેષ્ઠ નમૂનો હતો

ક. દ. ઓ. પ્રકાશ.



### અધિકારી-બંધુ.

આપણા અધિકારીઓ આપણા જ્ઞાતિ બંધુઓ છે. ઓનરરી કામ કરે છે. દરેક અધિકારી પોતાની બુદ્ધિ અનુસાર પોતાનું કર્ત્તવ્ય કરે જાય છે. અને મનુષ્ય જાતિ ભૂલને પાત્ર છે. માટે આપણને જો કોઇ અધિકારીની ભૂલ દેખાય; તો તેવી ભૂલ તે અધિકારીને સમજાવીને તેનીજ મારફતે સુધરાવવાની આપણે તજવીજ કરવી જોઇએ. મને તો એ સિદ્ધાંત પસંદ છે.

છેવટે બંધુઓ, હું એટલુંજ કહીશ કે પક્ષપાત, અંગત દ્વેષભાવ, અસત્ય અને ઇર્ષ્યાને ત્યજનારજ માત્ર સમાજસેવા કરી શકે છે.

—સ્વ. વેલજી આણંદજી મેઘરી.
બી. એ., એલ એલ. બી.

॥ શ્રી ॥

કચ્છી દશા ઓશવાળ

# પ્રકાશ



ભાદરવ ૧૯૮૪. — વીર સંવત ૨૪૫૪.


કિંમત આઠ આના.

ક. દ. ઓ. પ્રકાશ.

સમાપન.







## ઈ.સ. ૧૯૨૮ના 'પ્રકાશ'નો ૪થો વાર્ષિક અંક

ક. દ. ઓ. પ્રકાશ.

સત્યપ્રિય અને નિખાલસ.



સ્વ. શ્રી. વેલજી આણંદજી મેઘરી
બી. એ., એલ એલ. બી.

ક. દ. ઓ. પ્રકાશ.

ભાવિક ભક્ત



સ્વ. શ્રી નથુભાઇ શીવજી


ક. દ. ઓ. પ્રકાશ.



સ્વ. શેઠ શીવજી લોડાયા ખીંયશી.

# અશ્રુભીની શ્રધ્ધાંજલિ

## સાંધવ ગામના લોડાયા પરિવારના વડીલ બંધુની વસમી વિદાય



: જન્મ :
તા. ૧૪-૦૨-૧૯૩૯

: દેહવિલય :
તા. ૨૭-૭-૨૦૧૨

## શ્રી મુલજી રાઘવજી લોડાયા

(સાંધવ - દાદર)

*દિવડો બુઝાયો.... અંધકાર છવાયો....*
*સાગર સુકાયો..... દુષ્કાળ છવાયો....*
*મોભી ગયાને .... માહોલ વિખરાયો....*


*ક્યારેય ન આવી તમારા સ્નેહમાં ઓટ, પણ હવે સદા વર્તાય છે તમારી ખોટ*
*સ્નેહના સરવાળાને, હેતનાં મહાસાગરને, વાત્સલ્યના ઘેઘુર વડલાને*
*અંતરભીની શ્રધ્ધાંજલિ... સ્મૃતિસભર સ્મરણાંજલિ... લાગણીભરી શ્રધ્ધાંજલિ...*

સંસારપક્ષે સંબંધી આણંદ નગરે ચાતુર્માસ બિરાજમાન સાંધવરત્ન પૂ. આ. શ્રી ગુણશીલસુરીશ્વરજી મ.સા. અને પૂ. આ. શ્રી કુલશીલસુરીશ્વરજી મ.સા.એ શોક સંદેશ પાઠવેલ.

| | |
|---|---|
| શ્રી માણેકજી કેશવજી લોડાયા પરિવાર (લોખંડવાલા) | મુંબઈ |
| શ્રી લાલજી શામજી લોડાયા (પટેલ) | મુલુંડ |
| શ્રી પીતાંબર શામજી લોડાયા (પટેલ) | કલકત્તા/કોલમ |
| શ્રી પદમશી કુંવરજી લોડાયા (પટેલ) | કલકત્તા |
| શ્રી કુંવરજી પન્નામલ લોડાયા પરિવાર | સાંધવ |
| શ્રી પદમશી મેઘજી લોડાયા પરિવાર | મુંદ્રા-વિઠ્ઠલવાડી |
| શ્રી સોમચંદ માલશી લોડાયા પરિવાર | ડોમ્બીવલી |
| શ્રી દિનેશ રામજી લોડાયા પરિવાર | મુલુંડ |
| શ્રી મણીલાલ માલશી લોડાયા પરિવાર | લોકાપુર |
| શ્રી મેઘજી ઉકેડા લોડાયા પરિવાર | મુલુંડ |
| શ્રી નવીન કરમશી લોડાયા પરિવાર (સ્ટીલએલ) | મુલુંડ |
| શ્રી દેવજીભાઈ ચત્રભુજ લોડાયા પરિવાર | મુલુંડ |
| શ્રી વીરમ સામત લોડાયા પરિવાર | અમદાવાદ |

# પિતૃ વંદના

## વાત્સલ્યમૂર્તિ પિતા



: જન્મ :
તા. ૧૪-૦૨-૧૯૩૯

: દેહવિલય :
તા. ૨૭-૭-૨૦૧૨

**શ્રી મુલજી રાઘવજી લોડાયા** (સાંધવ)

*'પપ્પા એટલે હાર્મોનિયમની સફેદ અને કાળી પટ્ટીનો સંપ'*
*તમે એક એવું વૃક્ષ જ્યાં ઝંઝાવાત પણ નિરાંતનો શ્વાસ લે.*

પહેલો પરિચય મને આપનો થયો પિતા,
પછી આપે પરિચય કરાવ્યો આ જગતનો.
આપના જ સ્વપ્ન પ્રમાણેના અમારા જીવન હોય, ન પણ હોય.
પરંતુ આપ ખાતરી રાખજો કે,
અમે આપના સંતાન તરીકે ઓળખાઈને ગૌરવ અનુભવીએ છીએ.....
તેમ આપને પણ અમારા પિતા તરીકે ઓળખાવાનું ગૌરવ પ્રાપ્ત થાય.....
એવું અમારું જીવન હોવું જોઈએ.
અમે એ માર્ગે જ આગળ વધીએ છીએ.....
આપના આશીર્વચનોની મહેક
અમારી આવતીકાલના પ્રભાતને વહેલો પ્રગટાવે છે.....
''અમે છીએ..... કારણ કે તમે હતા.''
અમે આપને અંજલિ નથી આપતા પરંતુ પ્રણામ કરીએ છીએ.

।। ત્વમેવ સર્વમ્ ।।

અ.સૌ. જયશ્રી અને ડૉ. કાંતિલાલ નરશી દંડ
અ.સૌ. આશા અને નરેશ લક્ષ્મીચંદ સોની
અ.સૌ. મનીષા અને બકુલ પંઢરીનાથ પાટીલ



કુ. બૈજુલ ભરત નાગડા

"ગગન વિહારનું સપનું સેવ્યું, કર્યો દ્રઢ નિર્ધાર
હામ, હિંમત અને મહેનતથી, કર્યું સપનું સાકાર."

## નાગડા - માલદે પરિવારનું ગૌરવ

શ્રી અંબેમા તથા શ્રી સરસ્વતી માતાની અસીમ કૃપાથી

ગામ - વારાપધરના

ગં.સ્વ. માતુશ્રી પ્રેમિલાબેન સોમચંદ માણેકજી નાગડાની પૌત્રી

તથા

ગામ - વસઈના ગં.સ્વ. માતુશ્રી રમીલાબેન ધનજી માલદેની દોહિત્રી

**કુ. બૈજુલ ભરત નાગડા**ને Pillai College of Architectureમાં
**B. Arch**ની ફાઈનલ પરીક્ષામાં ઉત્તિર્ણ થવા બદલ
હાર્દિક વધામણી

**લિ. ગં.સ્વ. માતુશ્રી પ્રેમિલાબેન સોમચંદ નાગડા - સમસ્ત પરિવાર**


# Vyom Kreations
*A Designer Boutique*

A one stop shop for Dress Material • Designing
• Tailoring • Embroidery • Kurtis etc...



*Latest Arrivals... Festival Special*
Cotton Dress Material with Heavy Duppatta
Ready to Wear Branded Kurties

***Inaugural & Festival Offer***
***Get a Dress Stitched with Material Just for Rs. 825/-***

**The Boutique was inaugurated by**
**Shri Dhanpal Champshi Dand**
**Renowned Designer on 15th July 2012**

SUNDAY CLOSED at Kailash Plaza, Shop # 3, 90 Feet Road, Ghatkopar (E), Mumbai 400077

***Brought to you by : Mandakini Maisheri : 80970 03359, Hirachand Maisheri : 98198 43441***

**આદ્યતંત્રીઓ**

**"પ્રકાશ"**

ડો. વેલજી પાસ્વીર ગોસર

**"સમીક્ષા"**

સનત્ શાહ અને

ગોવિંદજી જીવરાજ લોડાયા

**"પ્રકાશ સમીક્ષા"**

સનત્ શાહ

**: તંત્રી :**

રાયચંદ આર. નાગડા

**: સહતંત્રી :**

ચંપક જીવાણી

**: કાર્યાલય :**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું**

**C/o. Shri. R. R. Nagda, 29/41, Tamarind Lane, Behind Poornima Restaurant, Rajabahadur Comp, Nr.Stock Exchange Bldg, Fort, Mumbai - 400 001.**

**સમય** : બપોરે ૧ થી ૪ ફક્ત શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

**ચાલુ અંક માટે મેટર સ્વીકાર માત્ર મંગળવાર સુધી**

**જાહેરાત દર**

| સાઈઝ | B/W | રંગીન |
|---|---|---|
| આખું પાનું | ૩૦૦૦ | ૬૦૦૦ |
| અડધું પાનું | ૧૫૦૦ | ૩૦૦૦ |
| પા પાનું | ૭૫૦ | ૧૫૦૦ |
| ૧/૮ પાનું | ૪૦૦ | – |
| ૧/૧૬ પાનું | ૨૫૦ | – |

**પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર...**
www.prakashsamiksha.com
E-mail:kdo_prakash@yahoo.co.in

નોંધ: આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઈ જવાબદારી નથી.

## પર્યુષણ : ધર્મ-અધર્મ સમજવાનું પર્વ - *પ્રવીણ દામજી ડાઘા (કોઈમ્બતુર)*

વર્ધમાન અને ગૌતમ સમકાલીન. વર્ધમાનથી મહાવીર અને ગૌતમથી બુધ્ધનો બન્નેનો પ્રવાસ પ્રયાસ અને પરિણામ એકજ. મહાવીરસ્વામીએ દીક્ષાર્થીઓને "સાધુ" નામ આપ્યું; અને ભગવાન બુધ્ધે નામ આપ્યું "ભિખ્ખુ". ભલે બન્ને શબ્દ અલગ પણ અર્થ એકજ. સાધુ એટલે સરળ શાંત જીવનથી સંતુષ્ટ સમાધાની થઈ ગયો. જેની કોઈ તૃષ્ણા બચી નહીં. ભિખ્ખુનો અર્થ જેની ભૂખ મટી ગઈ. ધન, સત્તા, પદ, પ્રતિષ્ઠા અને વાસના એ બધાની ભુખ જેની મટી ગઈ તે "ભિખ્ખુ"

સમય જતાં ભિખ્ખુ શબ્દ અપભ્રંશ થઈને "ભિખારી" શબ્દ પ્રચલિત થયો પણ "ભિખારી" શબ્દનો અર્થ સદતર વિપરિત. જે અર્થમા ભિખ્ખુ જેની બધી ભૂબ મટી ગઈ તેને બદલે ભિખારી જેની ભૂખ કદી મરતી નથી એમ અર્થ વિપરિત થઈ ગયો. પણ સાચો ભિખારી કોણ? રસ્તાપર પેટનો ખાડો પુરવા માંગતો વૃધ્ધ, બીમાર અશક્ત ભિખારી? અકબર બાદશાહના જીવનનો એક પ્રસંગ, લગભગ સંપૂર્ણ ભારત પર પોતાનું આધીપત્ય જમાવી અકબરને રાજાઓનો રાજા સમ્રાટ તરીકે બધાએ એને માન્ય કરી લીધો હતો.

અકબરે પોતાના દ્વારપાલ અને અંગરક્ષકોને કડક સુચના અને આદેશ આપ્યો હતો. જેમાં અકબરના ખાસ વફાદાર, વિશ્વાસુ, દરબારીઓ, અમુક સગાં-સબંધીનો અને થોડા સંતોની એક યાદી બનાવી અને આદેશાનુસાર એ યાદીમાંથી કોઈ પણ વ્યક્તિ, કોઈ પણ વેળા, કોઈ પણ રોકટોક વગર એના મહેલમાં પરવાના વિના પ્રવેશી શકે. એ યાદીમાં એક સંત જેનુ નામ "અમીર ખુશરો" હતું. અમીર ખુશરો અકબરની રાજધાની આગ્રાની નજીક એક નાના ગામડામાં રહેતો. ત્યાં ગામના છોકરાઓને ભણવા નિશાળ ન હતી. જેથી ગ્રામજનોને પોતાના બાળકોને ભણવા નજીકના ગામમાં મોકલવું પડતું. પણ ત્યાં ભણવા જતાં જંગલ અને એક નદીને પાર કરીને પહોંચી શકાતું. જેના કારણે જ્યાં લગી બીજે ગામ ભણવા ગયેલા બાળકો પાછા સાંજે સહીસલામત ઘર આવે નહીં ત્યાં લગી ગ્રામજનો ચિંતામાં રહેતા. ઘણીવાર જંગલી જનાવરો અને નદીમાં પૂર આવતા અમુક બાળકો અવસાન પામ્યા. જેના કારણે અમુક ગ્રામજનો પોતાના બાળકોને બાજુના ગામમાં ભણવા મોકલતા જ નહીં. અને આવા બાળકો શિક્ષણથી વંચિત રહી જતાં. આ સમસ્યાનો ઉકેલ લાવવા ગ્રામજનોએ સભા બોલાવી અને વિચાર વિનીમય બાદ એવું નક્કી કર્યું કે. ગામમાંજ એક નિશાળ બાંધવી. પણ નિશાળ બાંધવા ગ્રામજનો પાસે પુરતું ધન ન હતું. જેથી ગ્રામજનોએ અમીર ખુશરોને વિનંતી કરી કે આપના અકબર સાથે સારા સંબંધ છે અને આપ જો અકબરને વિનંતી કરશો તો પર્યાપ્ત માત્રામાં રકમ મળી જશે અને આપણું કામ થઈ જશે. સમ્રાટ અકબર આટલી નાની રકમ તો સહેલાઈથી આપી દેશે અને જે છોકરાઓ ભણતરથી વંચીત રહ્યા અને જે છોકરાનો નજીકના ગામમાં ભણવા જાય છે તે જ્યાં લગી હેમખેમ પાછા ન આવે ત્યાં લગી એમના માબાપને જે ચિંતા થાય છે, તેમાંથી મુક્તિ મળશે.

અમીર ખુશરોએ ગ્રામજનોની વિનંતીને માન આપી તે અકબરને મળવા આગ્રા જવા રવાના થયા.

અમીર ખુશરો અકબરના મહેલમાં પ્રવેશ્યા. તે વેળા અકબર નમાઝ પઢી રહ્યો હતો. તેમના નમાજ પઢતી વેળા એમાં ખલેલ ન પડે એ હેતુથી અમીર ખુશરો ત્યાંજ શાંત ઉભા રહ્યા.

અકબરે બંદગી પુરી કરી અને હાથ ઉંચા કરી કહ્યું, "હે રહેમદીલ પરવર દીગાર મારી બંદગીનો સ્વિકાર કર, તું તો બહુ દયાળુ છે પોતાના બંદાની સાભળે છે. હવે મારૂં રાજ્ય જે પશ્ચિમ તરફ અફઘાનિસ્તાન સુધી છે તે ઇરાન સુધી વધે, ઉત્તર તરફ હિમાલયને પાર કરી વધે. પૂર્વ બાજુ બંગાલથી વધી બરમા સુધી અને દક્ષિણમાં લંકા સુધી મારા રાજ્યની હદ વધે માટે આ માંગણી તું પુરી કર.

અમીર ખુશરોએ જોયું કે અકબરની નમાજ પુરી થઈ. પણ એ પાછો અકબરને મળ્યા વગર રવાના થયો.

અકબરે જોયું કે સંત અમીર ખુશરો પાછા જઈ રહ્યા છે. તેણે દોડતાં દોડતાં અમીર ખુશરોને રોક્યો અને પુછ્યું કે શું મારી કંઈ ભુલ થઈ ગઈ? કે આપ કહ્યા વગર પાછા જઈ રહ્યા છો.. આપ કોઈ કારણ  હશે એટલેજ આવ્યા હશો. કારણ વગર આપ આવો નહીં અને આપ કોઈ પણ વાત કર્યા વગર પાછા કહ્યા વગર જઈ રહ્યા છો તો તેનું પણ કોઈ કારણ હશે. મારાથી જો કંઈ ભૂલ થઈ હોય તો મને માફ કરશો અને આપ કહો કે આપનું આવવાનું પ્રયોજન શું? આપ ફરી પાછા કોઈ પણ વાત કર્યા વિના જઈ રહ્યા છો તેનું કારણ શું?"

અમીર ખુશરોએ શાંત ભાવે જવાબ આપ્યો, "મારા ગામડામાં નિશાળ નથી તે નિશાળ બાંધવા રકમની જરૂરત હતી.. તે માંગવા આવ્યો હતો.. અને જોયું કે આપ નમાજ પઢી રહ્યા હતા.. જેથી નમાજ પુરી થાય ત્યાં લગી નમાજમાં ખલેલ ન પડે જેથી થોડીવાર રાહ જોતો ઉભો રહ્યો.. હું તો તને રાજાઓનો રાજા, સમ્રાટ સમજી તારા પાસે માગવા આવેલ પણ જોયું કે તું તો ભિખારીઓમાં પણ ભિખારી છે. એક ભિખારી પાસેથી શુ માંગવું? તું પોતેજ ભિખારી જેથી પાછો વળ્યો.. અકબર શરમિંદો થઈ ગયો!

મહાવીરસ્વામી, ભગવાન બુધ્ધ-એમણે ધન, સત્તાની અસારતા સ્વાનુભવે જાણી લીધી અને એ અસાર હાથમાંથી છુટી ગયું અને એમણે સારને પકડયો. અકબર અસારને સાર છે એ સમજીને અસાર પકડી રાખ્યું. આ ભેદ પણ અધર્મ અને ધર્મ વચ્ચેનો ભેદ જે વ્યક્તિ પિછાણી લે છે, તે અધર્મને અધર્મ અને ધર્મને ધર્મ જાણીને અધર્મ એમની હાથમાંથી છૂટી જાય છે અને ધર્મને પકડી લે છે.

પણ જે વ્યક્તિ અધર્મને જ ધર્મ સમજી લે છે એની પકડ અધર્મ પર વધતી જાય છે અને એની ધાર્મીક થવાની સંભાવના નષ્ટ થાય છે. તેથી મહાવીરસ્વામી અને ભગવાન બુધ્ધ કહે છે.

*"અત્તો અત્તનો નાથો*
*અત્તો અત્તનો ગતી*
*અત્તો અત્તનો દીવો*
*અત્તો અત્તનો નાહી કુતો પુતો? કુતો ધનમ ?*

અર્થાત્ તમે તમારા જ માલીક છો, તમારી ગતિ (સુગતિ કે દુર્ગતી) તમારા જ હાથમાં છે. તમારા દીપ (માર્ગદર્શક) તમે જ છો.. આ શરીર પણ તમે નથી તો તમારો પુત્ર, તમારું ધન, તમારા ક્યાથી?

પર્યુષણ નજીક આવે છે. અસાર અને સારનો ભેદ અને અધર્મ અને ધર્મનો ભેદ જેટલું જલદી સમજાશે તેટલું જ અસાર હાથમાંથી સહજ ભાવે છૂટી જશે. અનશન કરવાની જરૂરત નહી રહે ઉપવાસ સહજ થઈ જશે.


**શ્રી ભલારાદાદા સ્થાનક-કુવાપધર ધ્વજા મહોત્સવ**

શ્રી ભલારાદાદા સ્થાનકે ૧૫મા ધ્વજા મહોત્સવ પ્રસંગે પધારવા સર્વે ગામવાીઓ તથા નિયાણી બહેનોને સપરિવાર **હાર્દિક આમંત્રણ**

મુંબઈથી પ્રસ્થાન શુક્રવાર **તા.૨૧-૧૨-૧૨** સયાજીનગરી ટ્રેન દ્વારા.. સ્થાનિકે ધ્વજા મહોત્સવ રવિવાર **તા.૨૩-૧૨-૨૦૧૨** સંપૂર્ણ પ્રવાસ તથા ધ્વજા મહોત્સવના લાભાર્થી **માતુશ્રી રાજબાઈ પદમશી ખીમજી મોતા પરિવાર (કુવાપધર-હૈદરાબાદ) હસ્તે સૌ. જયશ્રી ભરત મોતા, સૌ. ખુશ્બુ સચીન મોતા, કુ. ભક્તિ ભરત મોતા**

આગમન સોમવાર તા.૨૪-૧૨-૨૦૧૨ કચ્છ એક્સપ્રેસ ટ્રેન દ્વારા.. વહેલી તકે નામો લખાવવા વિનંતી જેથી ટીકીટો કઢાવવામાં સુગમતા રહે. જે પણ ભાઈ-બહેનને આવવાની ઈચ્છા હોય તેમણે ટોકન રૂા.૧,૦૦૦/- ભરી નામ લખાવવા વિનંતી.. (ટોકન નોનરીફંડેબલ રહેશે)

-: સંપર્ક :-
**પદમ સોજપાર મોતા - 093211 01201**
**વિનોદ ખેતશી મોતા - 093212 86627**
**મુલરાજ ગોવિંદજી મૈશેરી - 098676 60210**



Since 1984...
**Lagna Deep**



બી-૧૩, જલારામ આશિષ, દેવીદયાલ રોડ,
મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)

**પધારો... અસ્સલ કચ્છીયતના આંગણે...**

**રીયલ હેન્ડ એમ્બ્રોઈડરી, રીઅલ ઝરી, ચોકબંધ ઘરચોળા**

- રીયલ બટકસબની સાડી બોર્ડર • પીટ્ટાતાર ભરતની સાડી
- કસબ અને જીક કસબની સાડી • પારસી વર્ક
- બ્રાઈડલ ચણીયા ચોળી • ડીઝાઈનર સાડી
- પાનેતર • બનારસી ઉપાડા અને ફેન્સી બાંધણી

**ઘરચોળાની ટેસ્ટેડ તથા રીયલ બોર્ડરો મળશે.**
**(એક્સક્લુઝીવ ડ્રેસ મટેરીયલ)**
**જુના ઘરચોળા લેવામાં આવશે.**
**Mob.: 7666688881**
ગુરૂવાર બંધ

## ગાંધીજીને "મહાત્મા" બિરૂદ કોણે આપેલું?

લખનઉમાં સ્ટડી કરતી દસ વર્ષની એક કિશોરીના દિમાગમાં પ્રશ્ન થયો કે ગાંધીજીને "મહાત્મા"નું બિરૂદ કોણે અને ક્યારે આપેલું? આ પ્રશ્ન વાયુવેગે દિલ્હી પહોંચી ગયો. સરકારી દફ્તરોમાંથી આ બાબતે કશો રેકોર્ડ ન મળ્યો. મિડિયાએ આ ફાલતુ સવાલને ખૂબ ચગાવી માર્યો. કોઈ વ્યક્તિને આવો સવાલ થાય એમાં તેની જિજ્ઞાસાવૃત્તિ જ કહેવાય અને દરેક જિજ્ઞાસાનો દિલથી આદર જ કરવાનો હોય. કિન્તુ જ્યારે કોઈ વાહિયાત મુદ્દાને વાવાઝોડામાં રૂપાંતરિત કરવામાં આવે ત્યારે એમાં જિજ્ઞાસા નથી હોતી, વિકૃતિ અને નફટાઈ હોય છે.

ગાંધીજી માટે આપણે "મહાત્મા" બિરુદ પ્રયોજવું ક્યાં કમ્પલ્સરી છે? ગાંધીજીએ "સત્યના પ્રયોગો" આત્મકથા લખી છે એમ કહીએ તો કોઈ કશો વાંધો લેતું નથી. પેલી કિશોરીના સવાલનો જવાબ આવો હોય તો આ રીતે આપી શકાય, બેટા, ગાંધીજીને મહાત્માનું બિરૂદ લોકોએ આપેલું હતું. જે-જે વ્યક્તિ ગાંધીજી વિશે વાત કરતી વખતે "મહાત્મા" વિશેષણનો પ્રયોગ કરે છે તે દરેક વ્યક્તિએ આદરપૂર્વક બિરુદ સ્વીકાર્યું છે એમ કહેવાય. "મહાત્મા" એ કાંઈ ગ્રેજ્યુએશન, પોસ્ટ-ગ્રૅજ્યુએશન કે પીએચડીની ડિગ્રી નથી કે જે સરકાર દ્વારા કે યુનિવર્સિટી દ્વારા આપવામાં આવી હોય અને એ બાબતના સરકાર પાસે દસ્તાવેજી પુરાવા પણ ન હોય!

જો આવાં બિરુદોની વાત કરવા બેસીએ તો અનેક માધાતા ગમાતા લોકોની હવા નીકળી જાય. અમિતાભ બચ્ચનને "એન્ગ્રી યંગમેન", "વીસમી સદીનો મહાનાયક", "શહેનશાહ", "બિગ-બી" જેવાં બિરુદો તેમના ચાહકોએ આપેલાં છે. એના દસ્તાવેજી પુરાવા શોધવા જઈએ તો આપણે ખુદ ખોવાઈ જઈએ!

ગાંધીજી માટે માત્ર "મહાત્મા" વિશેષણ જ નથી વપરાયું, "રાષ્ટ્રપિતા" અને "યુગપુરુષ" ઉપરાંત "વિશ્વવિભૂતિ" જેવાં વિશેષણો પણ પ્રયોજાયાં છે. સ્વ. કવિ ડાહ્યાભાઈ પટેલ "દિનેશ" તો ગાંધીજીના એટલા પ્રખર ભક્ત હતા કે તેમણે ગાંધીજી વિશે મહાકાવ્યના ગ્રંથો રચ્યા છે. કવિ ડાહ્યાભાઈ પટેલે ગાંધીજી માટે "સત્યેશ્વર" બિરુદ પ્રયોજ્યું છે. એ જ નામથી વડોદરામાં એક ફાઉન્ડેશન બનાવ્યું છે અને દર વર્ષે આ ફાઉન્ડેશનના ઉપક્રમે વિવિધ કાર્યક્રમો યોજાય છે, પુરસ્કારો અપાય છે. જે મહાનુભાવો એ કાર્યક્રમોમાં ઉપસ્થિત રહે છે તે સૌ ગાંધીજીને "સત્યેશ્વર" રૂપે વંદના કરે છે. ગાંધીજી સાથે વ્યક્તિગત મતભેદ હોય તો ભલે હોય, પરંતુ તેમની યુગપ્રભાવક પ્રતિભા માટે તો કોઈને કદાચ સંદેહ નહીં હોય.

સંસારમાં આપણે લુચ્ચા-લબાડ લોકોને ખુશ કરવા માટે કેટકેટલાં ખુશામતિયાં વિશેષણોની ભેટ ધરતા હોઈએ છીએ, એના કરતાં તો આ વિશેષણમાં કશો દોષ નથીને. મહાત્મા વિશેષણમાં સચ્ચાઈનો રણકો છે.

જ્ઞાતિ-સમાજમાં કે ગામ-નગરમાં કોઈ શ્રીમંત વ્યક્તિ બે-ચાર વખત નાનું-મોટું દાન આપે તો આપણે તેને "દાનવીર" કહીને બિરદાવીએ છીએ. કેટલાક તો ભાવુક થઈને કહે છે કે ફલાણાભાઈ તો અમારા સમાજના "ભામાશા" છે. ફલાણાભાઈ તો અમારા ગામના "દાનેશ્વરી કર્ણ" છે. આવાં વિશેષણોમાં અવશ્ય અતિશયોક્તિ હોય છે. ખુશામત હોય છે સાથે-સાથેછૂપો આદર પણ હોય છે. તે વ્યક્તિએ બે નંબરની કે પાપની કમાણી ભેગી કરી હશે છતાં તે માનવતાનાં સાર્વજનિક કાર્યોમાં ડોનેશન તો આપે છેને! કાતરની ચોરી કરીને સોયનું દાન કરનારા લોકોનેય જો આપણે ભારેખમ વિશેષણોથી નવાજવા જોઈએ તો ગાંધીજી તો અનેક રીતે "મહાત્મા" વિશેષણ માટે લાયક છે. એની સામે આવા બખેડા ખડા શા માટે કરવાના?


આમ જોવા જાઓ તો કેટલાક ત્યાગી-વૈરાગીઓ તો પોતાની જાતે જ કેટલાંક વિશેષણો પોતાના નામની આગળ લટકાવીને ફરતા હોય છે. તેમને પૂછવું જોઈએ કે બેટા, તને યુગ-પ્રભાવક, પ્રવચન-પ્રભાવક, સિંહગર્જનાના સ્વામી, દીક્ષા દાનેશ્વરી, પરમ તારક, અજોડ સંયમી વગેરે વિશેષણોની આ વરમાળા કોણે પહેરાવી છે? તારી નિશ્રામાં યોજાતા કાર્યક્રમની પત્રિકા છપાતી હોય ત્યારે બેટા, તું ખુદ એનાં પ્રૂફ બે-ત્રણ વખત તપાસે છે અને આવાં વિશેષણો ન હોય તો યેનકેન પ્રકારેણ મુકાવે છે. તેં ભલે બીજું બધું છોડયું હશે, પણ હજી લોકૈષણા તારાથી નથી છૂટી...! ક્યારેક ભોળા-વેવલા ભક્તો પોતાના ગુરૂ માટે આવાં વિશષેણો પ્રયોજતા હોય છે. એમાં ખરેખર તો તેમનો આદરભાવ જ હોય છે, છતાં સાચા ગુરૂ તેને એમ કરતાં રોકે છે. ભક્તો ભોટ હોય, ગુરૂ તો જ્ઞાની જ હોયને. પોતાને શું શોભે, કેટલું શોભે અને પોતાના ત્યાગીજીવન માટે કઈ-કઈ બાબતો અવરોધક ગણાય એની ખબર જ્ઞાની ગુરૂને તો હોય જ ને.

આપણી પાસે સાચકલી સમસ્યાઓ અને સાચકલા પ્રશ્નો ક્યાં નથી તે આવા વાહિયાત પ્રશ્નો પાછળ સમય વેડફવો? ગાંધીજી આજે હયાત હોત તો કદાચ કહી દેત, તમારું "મહાત્મા" વિશેષણ પાછું લઈ લો, **નો-પ્રોબ્લેમ!**

*(સંકલિત)*

# શ્રધ્ધાંજલી

જન્મ
તા. ૧૪.૦૨.૧૯૩૯



સ્વર્ગવાસ
તા. ૨૭.૦૭.૨૦૧૨

## સાંઘવ રત્ન શેઠશ્રી મુલજી રાઘવજી લોડાયા

સમયની ટપાલ પેટીમાંથી પ્રભુ પોતે ટપાલી બની આપને આ પત્ર પહોંચાડશે ત્યારે અમારી આંખમાંથી એક મહાસાગર આંસુ બનીને સરી પડશે. આપના પવિત્ર આત્માને પ્રભુ શાંતિ આપે એ જ પ્રાર્થના.... સાથે

**શ્રી. ક. દ. ઓ. જી. વી. સી. જૈન સંઘ**

**આપને નત મસ્તકે શ્રધ્ધાંજલી અર્પણ કરે છે.**

હેતભર્યા આશીષ અને હૈયાની હૂંફ સાંભરે
સાંભરે વાત્સલ્યભર્યા આપના વેણ
અનંત ઉપકારો અમારા ઉપરના સાંભરે
ને ભીંના થઈ જાય છે નેણ
દિવડો બુઝાયો.... અંધકાર છવાયો
સાગર સુકાયો.... દુષ્કાળ છવાયો
મોભો ગયોને.... માહોલ વિખરાયો
ક્યારેય ન આવી તમારા સ્નેહમાં ઓટ
પણ હવે સદાય વર્તાય છે તમારી ખોટ
સ્નેહના સરવાળાને, હેતના મહાસાગરને, વાત્સલ્યના
સ્મૃતિસભર સ્મરણાંજલી...લાગણીભરી શ્રધ્ધાંજલી...

**લી.**

**શ્રી. ક. દ. ઓ. જી. વી. સી. જૈન સંઘ ના**

**જય જિનેન્દ્ર !**




*Feedback : 09821242211*
*hitanshucshah@gmail.com*

## GOT FRUITFUL IDEAS?

### DON'T JUST THINK, BUT ALSO DREAM...

History has proven, time and again, that leaders are not those who do different things, but those who do things differently. The reason for this greatness is simple-Imagination, our innovation, our creativity. I believe it is imagination that sets us apart from the other 30million species of animals that inhabit this planet. We also started out as apes. What put us here in houses and left them in trees. It is all due to creativity which led us to be unsatisfied with what we were, allowed us to dream of a better tomorrow and then make that dream a reality. Summed up in two lines: 'To achieve success you have to do what countless others have done before. To be great however, you must do what none have ever done before.' Coming to the present, we have set foot on the moon and are on the verge of becoming Gods due to our technological prowess. We no longer need to compete with other species but are in constant competition with ourselves to, make a name for ourselves. Very simply, what makes you or me different from the other 6.9 billion inhabitants of this planet? It is our imagination, our ability to do things differently Take for instance my name on this by-line, you will never have heard of me before. However you will have most definitely heard of Albert Einstein. It is because he had the guts to suggest a theory of light that went against nearly everything that scientists had believed for over 150years and been right. Once again history shows us that to be great, you have to be different. In Einstein's words, "Imagination is as important as knowledge". Going to the future, we will be able to advance further again only by great minds who don't just think, but also dream. We can be sure of that since we are all born with creativity After all, that is what makes us human.


***- Maanav Ganjoo***

### CREATIVITY IS TO TRY AND EXPERIMENT IN EVERYTHING YOU DO!

Creativity to me is a lot like Wordsworth's definition of poet- a spontaneous overflow of powerful feelings! Creativity is when you convert your dreams into ideas and your ideas into action. Using your cerebral prowess to the fullest, you can achieve feats beyond the imagination of human beings with one powerful tool-your creativity! Creativity is the one feature that adds liveliness to an otherwise drab society. With creativeness comes experimentation and curiosity. Creativity is rather subjective - it differs from person to person. To me, creativity is the ability to express your thoughts and ideas in a most articulate and innovative manner. To find a new approach to solve a problem, or to stumble upon a unique solution altogether, is creativity. To try and experiment in everything you do - from reading, to writing to playing a sport - is creativity. Of course being a lover of literature, for me the pinnacle of creativity lies in immaculate prose and beautiful verse, but to an artist it might as well lie in a thought-provoking painting! I think that creativity is one thing that adds excitement and newness to the world, and without creativity a human being is incomplete!

***- Anish Gawande***

# શ્રધ્ધાંજલી



જન્મ
તા. ૧૪.૦૨.૧૯૩૯

સ્વર્ગવાસ
તા. ૨૭.૦૭.૨૦૧૨

## સાંઘવ રત્ન શેઠશ્રી મુલજી રાઘવજી લોડાયા - દાદર

જેમના દ્વારા અમને સ્નેહભાવે સમજદારી - શીખ અને માર્ગદર્શન પ્રાપ્ત થયું. જેમની લાગણીથી અમે અવિરત ભીંજાયા. એમના શુભાશીષે અમે અમારી જીવન નૌકાને સમર્થપણે હંકારવામાં કુશળ નાવીક બન્યા. એમના અસીમ ઉપકાર આજીવન રહેશે. અમારા પિતા તુલ્ય શેઠશ્રી ને નત મસ્તકે અશ્રુભીના વંદન-શ્રદ્ધા સુમન અર્પણ અંજલિ આપતા હૈયું તૂટે છે, શ્રદ્ધાંજલી લખતા શબ્દો ખૂટે છે.

લી.


**MRL Group સ્ટાફ ના જય જિનેન્દ્ર**

**MRL Clearing & Forwarding Pvt. Ltd.** — **MRL Logistics Pvt. Ltd.**
**Morarji Umarshi Clearing & Forwarding Pvt. Ltd.** — **Viha Shipping & Logistics.**

# શ્રધ્ધાંજલી

।। શ્રી અનંતનાથાય નમો નમઃ ।।

વ્હાલા વડીલ બંધુ ને શ્રી અનંત સમર્પણ-ઘાટકોપર થી પ્રેમભરી શ્રદ્ધાંજલી.
ઈન્દ્રધનુષમાંના સપ્તરંગી સમા સાતભાઈ ત્યાં ભાંડુરકા માંથી ગુલાબી રંગ વિખુટો પડી ગયો;
જેમના નયનો માંથી શાંતિના અને સત્યના સ્ત્રોત ઝરે એવા વડીલ બંધુ....



## સાંઘવ રત્ન શેઠશ્રી મુલજી રાઘવજી લોડાયા - દાદર

**જન્મ : તા. ૧૪.૦૨.૧૯૩૯**
**સ્વર્ગવાસ : તા. ૨૭.૦૭.૨૦૧૨**

**મુ -** મુખ્ય કલ્પવૃક્ષસમા શીતળ છાંયડો આપનારને ઈચ્છાપૂર્તિ કરનારા
**ર -** રાહબર બન્યા પોતાની જીવનની કેડીના
**જી -** જીવન નૌકા સમર્પણ સાથે હાંકવામાં કુશલ નાવિક

અમારા વડીલ સ્નેહી બંધુને આદરાંજલી.
આપ જ્યાં હો ત્યાંથી અમારા પર આશિષોની અમીધારા વરસતા રહેજો.

લી.

**અનંત સમર્પણ - ઘાટકોપર**

| | | |
|---|---|---|
| ડૉ. કાન્તીલાલ નરશી દંડ - વરાડીયા | | શ્રી શૈલેશ રતનશી શાહ - નલીયા |
| શ્રી કિરીટ કુંવરજી કુરવા - ગોધરા | શ્રી હિતેન રાયચંદ લોડાયા - અરીખાણા | શ્રી પરેશ જવેરચંદ નાગડા - પરજાઉ |
| શ્રી સમીર લક્ષ્મીચંદ નાગડા - નલીયા | શ્રી હરીશ રામજી ખોના - નલીયા | શ્રી રાજેન લહેરચંદ લોડાયા - સાંયરા |

## ધર્મ-પ્રકાશ : જાણવા જેવી વાતો

૧) પરમાત્માના ચાર વિશેષણ ક્યા?

મહાગોપ, મહામાહણ, મહાનિયમિક, મહાસાર્થવાદ

૨) ૨૪ તિર્થંકરોને દિક્ષા લીધા પછી પ્રથમ પારણું ક્યા પદાર્થથી થયું? પહેલા તિર્થંકરને ઈક્ષુરસથી અને બાકીના ૨૩ તિર્થંકરોને ખીરથી પારણું થયું.

૩) અંજલિબધ્ધ પ્રણામ એટલે શું?

પ્રભુને જોતાં જ બહુમાનપૂર્વક નમેલા મસ્તકે બન્ને હાથની અંજલિ લગાડીને નમો-જિણાણંપૂર્વક નમસ્કાર કરવો તે અંજલિબધ્ધ પ્રણામ.

૪) સંજ્ઞા કેટલી ? કઈ કઈ?

ચાર છે, આહાર સંજ્ઞા, મૈથુન સંજ્ઞા, પરિગ્રહ સંજ્ઞા, ભય સંજ્ઞા

૫) દહીં અભક્ષ્ય ક્યારે ગણાય? દહીંનો કાળ ક્યારથી ગણાય?

બે રાત્રી ઓળંગેલું દહીં અભક્ષ્ય ગણાય. દૂધમાં મેળવણ નાંખ્યું ત્યારથી દહીંનો કાળ ગણાય.

૬) મધનું એક ટીપું ખાવાથી કેટલું પાપ લાગે/

સાત ગામને બાળ્યા જેટલું પાપ મધનું એક ટીપું ખાવાથી લાગે.

૭) ગુરૂવંદના કરતાં કયું સુત્ર બોલતી વખતે કેટલા પ્રશ્નો પૂછવાના હોય?

ગુરૂવંદના કરતી વખતે ઈચ્છકાર સૂત્ર બોલતી વખતે પાંચ પ્રશ્નો પૂછવાના હોય છે.

૮) નવકારનો જાપ કરતાં પહેલાં શું કરવું જોઈએ? મનને મૈત્રિભાવથી ભાવિત કરવું જોઈએ.

– ***વનિતા હરીશ નાગડા*** (વડાલા)

## કાવ્ય-પ્રકાશ

જે થવાનું છે તે થવાનું જ છે
એમાં પછી શું કરવાનું છે?
કર્મો સારા કર્યા હશે, તો મળશે સદ્‌ગતિ,
નહીં તો ફરતો રહેશે આત્મા મળશે અવગતિ,
જો સંભાળીને પગલાં ભર્યા હશે જીવનમાં,
તો સુંદર ફૂલડાં ખીલશે જીવન તણાં ઉપવનમાં,
જુવાનને ખબર હતી કે તે જવાની જ છે!
કરતાં ભૂલો જાણતો હતો કે સજા તો મળવાની જ છે.
જ્યારે પીડાથી કણસતા જીવને જોઈએ
છેલ્લી ઘડી બચવા અમર કસ્તુરીને શોધીએ,
સમજ તને જન્મથી જ આપી હતી હે, આત્મા,
તો શા માટે કોશી રહ્યો પ્રભુ પરમાત્મા ?

– ***અનિલ હીરાચંદ ધુમ*** (કોઈમ્બતુર)


## કાવ્ય-પ્રકાશ : મિઠ્ઠા પ્યા લગેં

મિઠ્ઠા-મિઠ્ઠા પ્યા લગેં (૨)
દશાઈજા પખાવાજ મિઠ્ઠા પ્યા લગે
દશાઈજા ઝાંઝપખા મિઠ્ઠા પ્યા લગે
વડોઘરે મેં વટ પ્યા લગે
વટ્ટ પ્યા લગેં ખરી ખટ્ટ પ્યા લગેં ...
ભક્તિ ભાવ જા અવાજ તાં લગેં.
અવાજ તાં લગેં, રિવાજ તાં લગેં
જાગણ મેં ઝાંઝપખા જોરાતાં લગેં
જોરાતાં લગેં, તીંય, બરૂકા લગેં
તભલેંજી થાપ તેં ઠક્કા પ્યા લગેં
ઠક્કા પ્યા લગેં, વજાઈંધલ પક્કા પ્યા લગેં
સાંવરે વારેં કે સુરાતાં વગેં,
સુરાતા લગેં, બરૂકા લગેં
ધીંચ મતો (૨) ઢોલ તાં વજેં
વડોઘરે મેં ઝાંઝપખા તાં ગજેં
પખાવાજા વજાઈંધલ **લેર** તાં લગે,
**લેર** તાં લગેં, સવાશેર તાં લગે!

– ***લહેરચંદ વેલજી મૈશેરી*** (ભાંડુપ)

(**નોંધ :** સવંત ૨૦૬૮ના અષાઢી બીજે વડોદરામાં શ્રી શાંતિલાલ કલ્યાણજી લોડાયા (તેરા) સંપાદિત પખાવાજ પુસ્તિકાના પ્રકાશન પ્રસંગે)


## હાર્દિક અભિનંદન !



**ચિ. જીહાન નિલેશ શીવજી વીકમશી**

(રાણપર-લાલબાગ-પરેલ)

ચિ. જિહાન ચાર્ટર્ડ એકાઉન્ટન્ટની ફાઇનલ પરીક્ષામાં પહેલાજ પ્રયત્ને પાસ થયેલ છે. એ સિધ્ધિ બદલ હાર્દિક અભિનંદન. વધુ યશસ્વી ભાવિની શુભેચ્છાઓ.

**-: શુભાશીષ :-**

**મે. ખીમજી કુંવરજીની કાં.**

**શીવજી કુંવરજી વીકમશી પરિવાર**


**ચંદ્રકાંત ગુલાબચંદ લોડાયા પરિવાર (ધુલીયા)**

"જાનેવાલે કભી નહીં આતે,
જાનેવાલોંકી યાદ આતી હૈ"

## છઠ્ઠી પુણ્યતિથિએ ભાવભરી શ્રધ્ધાંજલિ

**હમ યાદોં કે ફૂલ ચઢાયેં,
ઔર આંસુ કે દીપ જલાયેં**

જન્મ
૨૬-૭-૧૯૨૮



અરિહંતશરણ
૭-૮-૨૦૦૬

**શ્રી રતિલાલ પદમશી લોડાયા
(પરજાઉ-ડોંબિવલી)**

*સુખ દુ:ખમાં સદાય હસતા રહ્યા તમે,
સૌના હૃદયમાં વસતા રહ્યા તમે,
જીવનની અંતિમ પળો સુધી નિ:સ્વાર્થભાવે,
ધૂપસળી જેવું જીવન જીવી ગયા તમે...*

**શોકાતુર પરિવારજનો**

**ગં.સ્વ. રેવંતી રતિલાલ લોડાયા**


**પ્રફુલ રતિલાલ લોડાયા
અ.સૌ. મધુરી પ્રફુલ લોડાયા
મિહિર પ્રફુલ લોડાયા**

**જગદીશ રતિલાલ લોડાયા
અ.સૌ. કનક જગદીશ લોડાયા
ચાર્મી જગદીશ લોડાયા
નીરજ જગદીશ લોડાયા**

**હરીશ કુંવરજી મૈશેરી
અ.સૌ. કલ્પના હરીશ મૈશેરી
સિધ્ધાર્થ હરીશ મૈશેરી**

**રાજેશ પ્રફુલ લોડાયા
પ્રિતી રાજેશ લોડાયા
ઈશિતા રાજેશ લોડાયા**

**વિમલ પદમકુમાર પોલડીયા**



## મરમજા મોતી : બે પંક્તિમાં અંકિત કવિ "તેજ"ની અમૃતવાણી...

*- સોમ ઘરમશી* (કચ્છ)

***"અસાંકે ધર્દ ટાંકણે જ ટુચે કેં આયં લાટ
નકાં વાસું પાયણાં સે ઘડજી થેઆસું ઘાટ ॥***

**ભાવાર્થ** : અમને મુશ્કેલીરૂપી દર્દનાં ટાંકણે ટોચી ટોચીને પ્રતિભાવંત બનાવ્યા છે, નહીં તો અમે રસ્તે રખડતા પથ્થર હતા. તે ઘડાઈને સુંદર બન્યા છીએ.

કોઈ પણ વ્યક્તિ જનમવાની સાથે જ સર્વ ગુણ સંપન્ન નથી હોતી. અનુભવની એરણ વ્યક્તિ ઘડતરમાં મહત્વનો ભાગ ભજવે છે. આવી પડતી મુશ્કેલીઓનો જે કુશાગ્ર બુધ્ધિ, ચતુરાઈથી વિશ્વાસપૂર્વક અનુભવનાં સથવારે સામનો કરે છે તે સફળતાનાં શિખર સર કરે છે.

શિલ્પકાર ટાંચી ટાંચી ને પથ્થરમાંથી સોહામણી મૂર્તિનું સર્જન કરે છે પણ તે માટે તે પથ્થરે ટાંચણા સહન કરવાં પડે છે. લોખંડ ભટ્ટીમાં તપે છે. ત્યાર પછી જ લુહાર તેને યોગ્ય ઘાટ આપી શકે છે. જિંદગીનું પણ આવું જ કાંઈક છે.

કવિ તેજની ટકોર છે કે જિંદગીમાં અનુભવનાં ખજાનાનું સદ્ઉપયોગ કરી ટંચાઈ, ઘડાઈ તૈયાર થશો તો પથ્થરમાંથી પ્રતિમા બની બધાને મનભાવન બનશો.

## ઋણ સ્વીકાર

અમારા કુટુંબના મોભી **શ્રી મુલજી રાઘવજી લોડાયા**ની વસમી વિદાય વખતે બહોળી સંખ્યામાં જ્ઞાતિજનો, મુંબઈ મહાજનશ્રી, અન્ય ગામોનાં મહાજનો, વિવિધ જ્ઞાતિ સંસ્થાઓ, સ્વજનો, મિત્રો, સગા-સંબંધીઓએ રૂબરૂ અથવા પત્ર, ફોન, S.M.S., ઈમેલ, દ્વારા સાંત્વના આપી અમારા દુ:ખમાં સહભાગી થયા અને અમારી પડખે ઉભાં રહ્યા તે બદલ અમો પરિવારજનો સર્વેનાં સહૃદયે આભારી છીએ.



**આપના ઋણી...
માતુશ્રી વીરબાઈ રાઘવજી લોડાયા પરિવાર
(સાંઘવ)
શ્રી જીવરાજ લખમશી નાગડા પરિવાર
(નલીયા)**

## શ્રી અનંતનાથજી ટ્રસ્ટમાં એક ટ્રસ્ટી તરીકેના અનુભવોની ખાટી મીઠી યાદોને વાગોળતાં – પ્રવીણ ખોના (મુંબઈ)

આપણો શ્રી અનંતનાથજી ટ્રસ્ટના ટ્રસ્ટી તરીકેનો અમારા પરિવારનો સંબંધ વર્ષો પુરાણો છે. અમારા દાદા પૂ.દામજી માવજીને અમે જોયા નથી. પરંતુ કુટુંબના વડીલો પાસેથી સાંભળ્યું છે કે, એઓ ટ્રસ્ટના ૪૦ વર્ષો સુધી મેનેજીંગ ટ્રસ્ટી હતા. તે વખતે ચૂંટણી પ્રથા ન હતી. ટ્રસ્ટના વહિવટ માટે મહાજનશ્રીના મીટીંગમાં પાંચ વ્યક્તિઓ ટ્રસ્ટના વહિવટ માટે ટ્રસ્ટી તરીકે નિયુક્ત થતા. જુનું અનંતભુવન એઓની મેનેજીંગ ટ્રસ્ટીશીપ નીચે બંધાયું હતું. એમની હયાતી બાદ અમારા મોટા બાપા રતનશી દામજી ખોના (બાપુજી) પણ વર્ષો સુધી ટ્રસ્ટી હતા. ૧૯૪૫માં જ્યારે હાઇકોર્ટે સ્કીમ ઘડી ત્યારે પ્રથમ કામચલાઉ બોર્ડમાં એમને ટ્રસ્ટી તરીકે નિયુક્ત કરવામાં આવેલ. ૧૯૫૬માં એમના મૃત્યુ પર્યંત એમણે સેવા આપેલ. અનંતનિવાસ એમની મેનેજીંગ ટ્રસ્ટીશીપ દરમ્યાન બંધાયેલ. એમના અવસાન બાદ પિતાશ્રી દેવજી દામજી ખોના પાંચ વર્ષની ટર્મ માટે ચૂંટાયા તે સમયની બોર્ડ વહિવટની પ્રણાલીકા અનુસાર (રોટેશન)માં એઓ કેટલોક વખત મેનેજીંગ ટ્રસ્ટી પણ હતા. બીજી ટર્મ માટેની ચૂંટણીમાં દેવદ્રવ્યના મુદ્દે એઓ અને શ્રી ગોવિંદજી જેવત ખોના ચૂંટણીમાં પરાજીત થયા. અમારા કૌટુંબીક કાકા શ્રી માણેકજી વેલજી ખોના પણ ૨૦/૨૫ વર્ષો સુધી ટ્રસ્ટી હતા. ૧૯૬૯ થી પાંચ વર્ષની ટર્મ માટે અમારા કુટુંબમાંથી એકી સાથે ત્રણ જણ ટ્રસ્ટી તરીકે ચૂંટણીમાં ચૂંટાયેલા ૧) શ્રી માણેકજી વેલજી ખોના, ૨) અમારા કાકા શ્રી પુનશી દામજી ખોના અને ૩) હું તથા મારા ભાઈ શ્રી મહેન્દ્ર દેવજી ખોના પણ ૧૯૭૯થી પાંચ વર્ષ માટે ટ્રસ્ટી હતા.

મારો ટ્રસ્ટ સાથેનો નાતો અણચીંતવ્યો બંધાયો. ૧૯૬૫ની ચૂંટણી વખતે ત્રણ યુવાનો ૧) શ્રી નેણશી દેવશી ખોના ૨) શ્રી ધનપતી ભદ્રચંદ નાગડા અને ૩) હું ચૂંટણી અધિકારીઓ તરીકે નિયુક્ત થયા. તે વખતે પ્રથમ વખત મતગણત્રી માટે કોમ્પ્યુટરનો ઉપયોગ થયો. મતદાતાઓ આસરે ૬,૦૦૦ આજે પણ મતકેન્દ્રોના વિસ્તૃતીકરણ બાદ પણ મતદાતાઓના સંખ્યા ૬,૦૦૦ જેટલી જ છે.

ટ્રસ્ટી તરીકે હું પ્રથમ વખત ૧૯૬૯માં ચૂંટાયો. ટ્રસ્ટી બનવા માટે મારા પર ત્રણ વ્યક્તિોનું ખૂબજ દબાણ હતું. ૧)શ્રી ચીમનલાલ કાનજી મોમાયા ૨) શ્રી તારાચંદ ધનજી ધરમશી અને ૩)શ્રી મહેન્દ્ર દેવજી ખોના જોકે મારા કુટુંબીજનો હું ટ્રસ્ટી થાંઉ તેની તરફેણમાં ન હતા. પરંતુ યુવાનો અને ખાસ કરીને અનંત નિવાસના યુવાનો અને વિદ્યાર્થીસંઘના સભ્યોનો મને જબ્બર ટેકો મળ્યો. ૧૯૬૯ની તે ચૂંટણીમાં અગીયાર સીટો માટે ૧૨ ઉમેદવારો હતા. બહોળા સાથ, સહકાર અને શુભેચ્છાથી હું બહુજ સારી રીતે ચુંટાયો. પ્રથમ શ્રી લક્ષ્મીચંદ લાલજી રામજી બાદ ૧૦૦ મતોનો જ ફરક.

તે સમયના ટ્રસ્ટ બોર્ડમાં ૯+૧+૧ જેવી પરિસ્થિતી હતા. હું અને શ્રી નાયક જેઠાભાઈ બે બીન-પક્ષીય હતા. જ્યારે બાકીના ૯ ટ્રસ્ટીઓની એક ટીમ હતી. જેઓ બહુમતીમાં હતા. હું ઉંમરમાં સૌથી નાનો (૨૮ વર્ષ) અને બીનપક્ષીય તેથી અન્ય સહટ્રસ્ટીઓ દ્વારા નજરઅંદાજનો શિકાર.

તે સમય ટ્રસ્ટ બોર્ડમાં આંતરવિગ્રહ જેવી પરિસ્થિતી હતી. એક બાજુ શ્રી નાયક જેઠાભાઈ બીજી બાજુ નવ જણની ટીમ વચ્ચે હું નવજણની ટીમમાંથી શ્રી પૂનશી દામજી ખોના અને શ્રી વેરશી માડણ મૈશેરી શીવાયના આઠ જણ આગલા ટ્રસ્ટબોર્ડમાં પણ શ્રી નાયક જેઠાભાઈ સાથે ટ્રસ્ટી હતા. તે સમયથી તેમની વચ્ચે કોર્ટમાં કેસ કબાલા ચાલી રહ્યા હતા. ખાસ કરીને અનંત છાયાના ૬૪ બ્લોકની ફાળવણીના બારામાં સાત ટ્રસ્ટીઓ બહુમતીમાં હોવાથી એમના વકીલોના ખર્ચા ટ્રસ્ટમાંથી ચૂકાવાતા હતા. જે સામે મેં વારંવાર વાંધો ઉઠાવેલ. પરંતુ મારા વાંધાને નગણ્ય કરીને બહુમતીથી તેમના વકીલોના બીલો ટ્રસ્ટબોર્ડના મીટીંગમાં પાસ થતા અને પેમેન્ટ કરાતું.

આખરે તે વસ્તુ અટકાવવા માટે મારા મિત્ર શ્રી તારાચંદ ધનજી ધરમશી સદર પેમેન્ટો ન કરવા એ પ્રકારનો કોર્ટમાંથી ટ્રસ્ટબોર્ડ સામે સ્ટે-ઓર્ડર મેળવેલ. પરિણામે ટ્રસ્ટમાંથી આંતરિક કેસો માટે વકીલોના બીલોની ચૂકવણી બંધ થઈ.

૧૯૭૨માં કોર્ટની દરમ્યાનગીરીથી ટ્રસ્ટીઓ વચ્ચેના અનંતછાયાના કેસમાં સમાધાન થયું. જે અનુસાર લોટરી સીસ્ટમથી ૬૪ બ્લોકોની ફાળવણી થઈ. એ સમાધાનની રૂએ ઝગડતા ૭ ટ્રસ્ટીઓના વકીલોના બીલોની ચૂકવણી ટ્રસ્ટમાંથી કરવાની કોર્ટે મંજૂરી આપી.

પરંતુ જુના ટ્રસ્ટબોર્ડના એક કેસમાં શ્રી નાયક જેઠાભાઈ સાત ટ્રસ્ટીઓને બ્રીચ ઓફ ટ્રસ્ટ માટે કસૂરવાર ઠેરવવામાં કોર્ટમાં સફળ થયા, જેની રૂએ એ સાત ટ્રસ્ટીઓ કોર્ટ દ્વારા ટ્રસ્ટી તરીકે દૂર થયા. ટ્રસ્ટની સ્કીમ અનુસાર ટ્રસ્ટના વહિવટ માટે ઓછામાં ઓછા પાંચ ટ્રસ્ટીઓ હોવા જોઈએ. સાત ટ્રસ્ટીઓ કમી થતાં બાકીના ચાર ટ્રસ્ટીઓને ૧ ટ્રસ્ટી નીયુક્ત કરવાના કોર્ટે સત્તા આપી. જેને અનુરૂપ શ્રી

શરદ બી. મહેશ્વરીને ત્રણ મહિનાની મુદત માટે ટ્રસ્ટી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા. પાંચ વર્ષની ટર્મના બાકીના સમય માટે. કોર્ટના આદેશ અનુસાર સાત ટ્રસ્ટીઓ માટે ચૂંટણી કરવામાં આવી. ૧૯૭૪માં પાંચ વર્ષની મૂદત પૂરી થતાં નવા ટ્રસ્ટબોર્ડની ચૂંટણીથી હું દુર રહ્યો.

પાંચ વર્ષના નિષ્ક્રીયાતાના ગાળા બાદ ફરીથી ૧૯૭૯ની ચૂંટણીમાં અમે કેટલાક યુવાનોએ એક ટીમ બનાવીને ચૂંટણીમાં ઝંપલાવ્યું. અમારી ટીમમાંથી સર્વશ્રી ઠાકરશી મેઘજી ગોસર, ધનપતી ભદ્રચંદ નાગડા, મહેન્દ્ર દેવજી ખોના અને હું ચૂંટાયા. સાથે ટ્રાન્સપોર્ટ ગ્રુપમાંથી સર્વશ્રી નરશી નેણશી સોની અને ચત્રભોજ નરશી ચૂંટાયા. અન્ય પાંચમાં સર્વશ્રી ટોકરશી આણંદજી લાલકા, પુનશી દામજી ખોના, વેરશી માડણ મૈશેરી, રાજેન્દ્ર માણીલાલ ખોના અને ગુણવંતી હીરાલાલ ખોના ચૂંટાયા. આ ટ્રસ્ટબોર્ડની કાર્યવાહીમાં અમે ચાર યુવાન ટ્રસ્ટીઓ અને શ્રી નરશી નેણશી સોનીએ અગત્યનો ભાગ લીધો. અન્યોનો પણ ક્યારેક સાથ સહકાર અને ક્યારેક વિરોધ રહ્યો.

૧૯૭૯માં જ્યારે અમારા નવા ટ્રસ્ટબોર્ડે કારભાર સંભાળ્યો ત્યારે આગળના ટ્રસ્ટબોર્ડે ટ્રસ્ટની નાણાંકીય લીક્વીડીટી ખતમ કરવા સાથે લગભગ રૂા.૪૩ હજારના પોસ્ટડેટેડ ચેકો આપીને લીધેલ. ભાઈ વહાલા કરીને એ પાર્ટીઓને ત્રણ મહિના સુધી ચેકો ન વટાવવા અમે સમજાવી શક્યા. તે સમયે ભાડૂતો વિરૂધ્ધ આસરે ૬૪ કેસો કોર્ટમાં ચાલતા હતા. તેમનું ભાડું આવવું બંધ હતું. તેમાંની લગભગ ૪૦ પાર્ટી સાથે સેટલમેન્ટ કરીને બાકી ભાડાની ચડેલી રકમ વસુલ કરી. કેટલાક કેસોમાં જગ્યાઓ ટ્રાન્સફર કરી આપી. કેસોની સંખ્યા લગભગ ૨૩/૨૪ સુધી લાવી શક્યા. ટ્રસ્ટની નાણાંકિય પરિસ્થિતી સારા જેવી સુધરી. પતાવટ થયેલ કેસોમાં બે મુખ્ય હતા.

૧) અનંતદીપ ચેમ્બર્સ અને ૨) નવા અનંતભુવનમાં કે.સી. છેડા ભાડે લીધેલ મોટા હોલમાં કેબીનો વસાવીને પેટાભાડે આપેલ. પેટાભાડૂતો પાસેથી એઓ ભાડુ વસુલ કરતા. પરંતુ ટ્રસ્ટને ભાડુ શરૂઆતથી જ નહોતા ચૂકવતા એમના સાથેનો કેસ ૧૨/૧૫ વર્ષથી ચાલુ હતો. એમના કેટલાક પેટાભાડૂતોને ટ્રસ્ટના ડાયરેક્ટ ભાડુત બનાવવાની લાલચ આપીને કે.સી. છેડા સામે બાબતો કરવા ઉશ્કેરી. આખરે કે.સી. છેડા સમાધાન માટે સામે આવ્યા. બધુંય જૂનું બાકી રહેલું ભાડું ચૂકવી દીધું. તેમના કેટલાક પેટાભાડૂતોને ટ્રસ્ટના ડાયરેક્ટ ભાડૂતો બનાવ્યા. સારા જેવી વસૂલાત થઈ કેસનું મંડવાળ થયું.

અનંતદીપની જગ્યાએ અગાઉ ટ્રસ્ટની માલીકીનો બરાખ હાઉસ હતો. જે ૧૯૪૪ના ધડાકામાં અલગથી તારાજ થઈ ગયેલ. ઘણા જૂના ટ્રસ્ટબોર્ડે એ ખાલી પ્લોટ પર ગોદામો બાંધીને ભાડે આપેલ.

આસરે ૧૫-૨૦ વર્ષો પહેલાંના કોઇક ટ્રસ્ટબોર્ડે સદર પ્લોટ પર મકાન બાંધવા તેને લીઝ પર ભાડે આપવાનું નક્કી કરેલ. એક બીલ્ડર મે. લાલચંદ લુથરીયાને લીઝપર તે પ્લોટ ભાડે આપેલ. સુંદર બીલ્ડર "અનંતદીપ" ચેમ્બર્સ બાંધીને તેમાંના ઓફીસો વેચીને રફ્ફુચક્કર થઈ ગયો. શરૂઆતથીજ બીલ્ડરે ટ્રસ્ટને ભાડું ન આપેલ. ઓફીસ ઓનર્સના સોસાયટી પણ ટ્રસ્ટને ભાડું આપતી ન હતી. તેથી અગાઉના કોઇ ટ્રસ્ટબોર્ડ સદર મકાન માટે કોર્ટ રીસીવરની નીમણુંક કરાવેલ. જે ઓફીસ ઓનર્સ પાસેથી ભાડું વસુલ કરતો અને મકાન માટેનું ખર્ચ કરીને પોતાનું કમીશન કાપીને બાકીની રકમ કોર્ટમાં જમા કરતો.

અમારા ટ્રસ્ટબોર્ડે સદર સોસાયટી આપે સમાધાન કરવા વાટાઘાટો શરૂ કરી. કોર્ટમાં થયેલ સમાધાનની રૂએ કોર્ટમાં કોર્ટ રીસીવર હસ્તક જમા થયેલ. આસરે રૂા. ૨૧ લાખ કોર્ટમાંથીજ વસુલ કર્યા. સમાધાનની શરતો અનુસાર લીઝ ભાડું મહિને રૂા.૨૭।। હજાર ઠરાવાયું. જે હજુ સુધી નિયમીત મળતું રહે છે. કેટલાક વર્ષો બાદ લીઝ ભાડું મહીને રૂા.૫૦ હજાર થશે. જો કે અત્યારના ભાવો પ્રમાણે તે અપૂરતું છે. આ સમાધાન બાબત કેટલાક ભૂતપૂર્વ ટ્રસ્ટીઓ અને જ્ઞાતિ આગેવાનો સાથે સલાહ મસલત કર્યા બાદ સમાધાન કર્યું. આ સમાધાન લાવવા માટે ભાઈશ્રી ધનપતી નાગડાએ રાતદિવસ જોયા વગર અથાગ જહેમત ઉઠાવેલ. એમનો ધીર ગંભીર અને વિચારશીલ સ્વભાવ ખૂબજ કામ આવ્યો.

"અનંતસિધ્ધિ" ખાતે બંધાયેલ હોલનું નામકરણ નહોતું થયું. શ્રી ટોકરશી આણંદજી લાલકા મહાજનશ્રીના જનરલ ફંડમાં રૂા.૨૫,૦૦૦નું યોગદાન આપે એ શરતે એમના હસ્તે હોલનું નામકરણ "જ્ઞાતિ શીરોમણી શેઠ શ્રી નરશી નાથા સભાગૃહ" કરવામાં આવ્યું.

તે ઉપરાંત કુમઠા ખાતેની ટ્રસ્ટની પ્રોપર્ટી જે આવક આપવાને બદલે નુકશાન કરતી હતી તેની પરિસ્થિતી સુલટાવવા પ્રયત્નો કર્યા, પરંતુ સફળતા ન મળી. ગત ટ્રસ્ટબોર્ડે જરૂરી પગલાં લઈને ત્યાં નવું બાંધકામ કરી ટ્રસ્ટ માટે નિયમાત આવક ઊભી કરી.


શુભેચ્છા સહ....

**શ્રી હીરાલાલ હંસરાજ ડાઘા (માટુંગા-વરાડીયા)**

**અંબા શીપીંગ એજન્સીઝ**

૪૦૧, રાજગોર ચેમ્બર્સ, ૯૯ મસ્જીદ સાઈડીંગ રોડ, મુંબઈ-૯.

અમારી ટર્મ દરમ્યાન અરિહંત બેંકની સ્થાપના થઈ. પરંતુ બેંક ચાલુ કરવા માટે જગ્યાનો પ્રશ્ન હતો "અનંતસિધ્ધિ" ખાતે "A" વીંગમાં બેંક માટે જગ્યા આપીને જ્ઞાતિ માટે એક બેંક ઊભી કરવામાં અમારૂં ટ્રસ્ટબોર્ડ સહાયભૂત થયું.

તે ઉપરાંત ટ્રસ્ટ અને હિતમાં નાના મોટા ઘણા કાર્યો થયા.. ટર્મ પૂરી થતાં ટ્રસ્ટના ખાતે બેંકમાં સારી રકમ જમા હતી..

ટ્રસ્ટની કોઈ પણ બાબત (દા.ત.. અનંતદીપ ચેમ્બર્સ) સમસ્ત જ્ઞાતિને સ્પર્શતી હોય કે જ્ઞાતિનો મત જાણવાની જરૂર હોય ત્યાં ભૂતપૂર્વ ટ્રસ્ટીઓ તથા જ્ઞાતિના કેટલાક આગેવાનો સાથે સલાહ મસલત કરવામાં ટ્રસ્ટીઓએ સંકોચ ન રાખવો જોઇએ એમાં નાનપ અનુભવવાને બદલે નમ્રતાથી વર્તવું જોઈએ.

ઘણી વખત જ્ઞાતિજનો કોઈ કામસર ટ્રસ્ટીઓને મળવા આવે, સામાન્ય રીતે ટ્રસ્ટબોર્ડની મીટીંગના વખતે, ત્યારે લાંબા સમય સુધી એમને બહાર બેસાડવાને બદલે બનતી ત્વરાએ તેમને મુલાકાત માટે બોલાવવા થઈએ. એઓ પણ જ્ઞાતિજન તરીકે માનના અધિકારી છે.

ટ્રસ્ટીઓની નેમ ટ્રસ્ટની વ્યવસ્થિત કાર્યવાહી કરવા ઉપરાંત ટ્રસ્ટની માલમિલકતો કેમ વધે અને જ્ઞાતિજનોને કેમ વધુને વધુ ઉપયોગી થવાય એ જોવાની હોવી જોઈએ.

શ્રી ધનપતીભાઈ હમેંશા કહેતા કે અમે ટ્રસ્ટીઓ દાદા અને જ્ઞાતિના બીનપગારદાર નોકરી છીએ. એવી નમ્રતા ટ્રસ્ટીઓએ કેળવવી જોઈએ. સામાજીક પ્રસંગોમાં ટ્રસ્ટી તરીકે ખ્યાતિ માનમરતબો માંગવાની વૃતિને તિલાંજલી આપવી જોઈએ.

ટ્રસ્ટી તરીકે ટ્રસ્ટની માલ મિલકતને પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે કોઈ પણ જાતની હાની ન પહોંચે એ ખ્યાલમાં રાખી.. કરકસરથી વહિવટ કરવો જોઇએ.. ટ્રસ્ટને કોઇ પણ ખોટા ખર્ચમાં ઉતારવું ન જોઈએ.

## ઝુકી તો જ્વાય ને ! હાડ વૈદ્ય કે હાર્ટ વૈદ્ય !!

વડોદરાના હાડવૈદ્ય **શ્રી રતીલાલ પદમશી પનપરીયા**ના લોખંડી પંજાના હાથમાં હેરતભર્યું જાદુ, હાથે જશની જબરી રેખા, આંખે નજરઅંદાજ, દર્દ નિવારણનો અચુક નિર્ણય! મિજાજી તોર સાથે દશાઈ ખુમારી ભારોભાર અને કાંડે કૌશલ્ય!

શરીર રચનાએ અનુભવી હાડકાપારખુ નસ-નસના જાણકાર, ગરદન, પગ, કમર, પેની, ડોક, પીઠ, હાથ, કોણી, કરોડરજુ આદિ મોચ કે કોઈ પણ તકલીફ નિવારણના માહેર!

વડોદરા અને આજુબાજુના ગામોમાં આ જાણકારીએ આદરભર્યું, વિશ્વાસ અને શ્રદ્ધાએ લોકપ્રિય નામ.. ગુજરાતના નેતાઓ, એક મઠાધીશ, સંતો, શ્રમણો સહ હજારોએ એમની સેવાએ સંતોષનો શ્વાસ લીધો છે. આટલા પરમાર્થે તેઓ કરોડપતી બની શકત પણ બધું સેવાએ.. નહીં કોઈ ફી બધું મફત ! કોઈ વિઝીટે જાય નહીં એવો એમનો શિરસ્તો.. ના માન ના બહુમાન સ્વીકારે, સેવા અને પરમાર્થ એમની ભાવના..

ભાંડુપમાં સમસ્ત મહાજનશ્રીના માંડવે પધારતાં વચ્ચે મળેલા ત્રણ કલાકના ફાજલ ટાઇમે ૮૭ પીડાગ્રસ્તોને તેઓશ્રીના જમાઈ શ્રી હિતેશભાઈ શશીકાંત લોડાયા (અંકલેશ્વર) સાથે બે મદદનીશોને સાથે લાવી ઘણાંને પીડામુક્ત કર્યા.. સૌને ચાલતા-બેસતા કર્યા..

સમસ્ત મહાજનની સભામાં ભાગ લેવા આવેલા પણ આ સેવા કાર્યને વધુ મહત્વનું સમજી તેમણે મીટીંગ જતી કરીને આ જનસેવાનું કાર્ય કર્યું.

સંપર્ક : મો..૦૯૪૨૭૯૪૨૭૭૭ તેઓશ્રીની આવી વિશિષ્ટ જાણકારી, અનુભવ અને સંતોષપ્રદ સેવાભાવના માટે ઝૂકી તો જવાયને..

– ***લહેરચંદ વેલજી મૈશેરી*** (ભાંડુપ)


K. Dixit

રીયલ ડાયમંડની ડીઝાઈનર જ્વેલરી તૈયાર મળશે.

કૌશિક રાયચંદ શાહ (પટેલ) – સાંધાણ

982045 7676

417, Kailash Plaza, Vallabh Baug Lane, Ghatkopar (E), Mumbai - 400 075. • E-mail : kdixit@hotmail.co.in





**મનગમતા પાત્રની શોધ**

જીવન છે જીવવા જેવું માણવા જેવું એમાં જો સાથી મળી જાય મનગમતું તો તો વાત જ શું કરવી.. મનગમતા સાથીની ખોજ હવે નથી મુશ્કેલ. આવો, અસાંજો કચ્છ ડોટ કોમની વેવિશાળ સેવાના વિશાળ ફલક પર અને હજારો, લાખો માઈલ ભલે ને દૂર હોય મનગમતું પાત્ર પણ આપ સહેલાઈથી તેને શોધી શકશો અને પામી શકશો.. તો આજેજ અસાંજો કચ્છ ડોટકોમની વેવિશાળ સેવાનો લાભ લો..

**સંપર્ક : દિપક કારાણી**

**29674007 / 8 / 9 / 9969674905**

**Registrar online on : www.asanjokutch.com/matrimonials**

## Treat for All...

### 1 — 1 to 25

| | | | | |
|---|---|---|---|---|
| 2 | 1 | 14 | 13 | |
| 3 | 4 | | | 25 |
| 18 | | 16 | 10 | |
| 19 | | 6 | | |
| | | 22 | | |

Fill the grid with consecutive numbers that connect horizontally, vertifically, or diagonally from first to the last numebr in the grid. The first and last numbers of the puzzle and some other numbers are already filled in.

### 2 — 1 to 25

| | | | | |
|---|---|---|---|---|
| | | | 1 | |
| | | 6 | | |
| 16 | 10 | 20 | | 4 |
| 15 | 13 | 11 | | 23 |
| | | 25 | | |

Fill the grid with consecutive numbers that connect horizontally, vertifically, or diagonally from first to the last numebr in the grid. The first and last numbers of the puzzle and some other numbers are already filled in.

### 3 — Number Chain

| | | | | |
|---|---|---|---|---|
| 6 | | 2 | | 4 |
| | 3 | = | 6 | |
| 5 | | 1 | | 6 |

Start (5)

Use signs of +, -, x & ÷ and complete the chain.

### 4 Number Scope

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 6 | + | | + | | = | 16 |
| x | | x | | + | | |
| | + | | x | | = | 6 |
| - | | ÷ | | + | | |
| | + | | x | | = | 17 |
| = | | = | | = | | |
| 29 | | 23 | | 21 | | |

Use only 3, 4, 4, 5, 6, 7, 8, 9 Bring the final tally.

### ભૂલભૂલામણી

ચોકઠામાં ૩૦ વૃક્ષોનાં નામ આપવામાં આવ્યા છે. આ નામ આડા, ઉભા, અવળા, સીધા, ઉલટા છે જરા ધ્યાન રાખશો તો બધા નામો ગોતી શકશો. શોધી કાઢો એ વૃક્ષો (દા.ત. વડ)

| | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| વ | ગુ | દ | કા | ગ | ડો | ચં | શું | સ | વાં | કે | વું | લા | ર | શી |
| લા | ડ | વાં | તી | ના | જા | દ | લી | મ | ડો | ક | ગુ | મ | સ | હો |
| તા | બ | સ | ળી | સ | જા | ન | લી | મ | ક | લ | ચ્યું | મ | લ | ર |
| મો | ચ | યે | જા | અ | જાં | સૂ | બ | વે | મ | હો | હ | સ | પા | લી |
| ગ | રી | મે | ખ | બુ | સ | દ | પી | હો | છો | બો | ર | શે | ળો | ત |
| રો | જુ | રો | બ | ઈ | ર | પ | ર | કે | લો | ગ | રા | ના | બ | ર |
| ડી | ટ | આ | લી | દા | ળો | સ | ખ | અ | વો | ત | ગ | ગુ | બ | ની |
| દે | લી | ગ | સો | વ | મ | જૂ | ર | પો | શો | ચં | રા | ર | ણા | ઈ |
| વ | વ | લી | જ | પા | રી | જ | ની | તે | પો | ક | શે | ણી | ક | લા |
| દા | ગો | રો | મે | રી | લ | બા | ગં | કે | પ | ણ | મ | ગ | ચ | ય |
| ર | લ્ડ | સૂ | દ્રી | સ | ઘા | વ | પા | સુ | તે | કે | ળો | કા | વે | ચો |
| ર | જ | ન | રુ | ટો | ય | ળ | લ | ડો | ળ | ડી | ચં | દૂ | ઈ | લ |
| મુ | ઈ | ગ | પો | પૈ | શી | બો | વ | સા | ને | મ | કા | પો | સે | તૂ |
| પા | ખી | લ | પ | ખા | આં | મ | ણ | અ | ગ | પો | રે | લાં | દા | ર |

### 4 Answer

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 6 | + | 3 | + | 7 | = | 16 |
| x | | x | | + | | |
| 4 | + | 9 | x | 6 | = | 6 |
| - | | ÷ | | + | | |
| 5 | + | 4 | x | 8 | = | 17 |
| = | | = | | = | | |
| 29 | | 23 | | 21 | | |

### 3 Answer

| | | | | |
|---|---|---|---|---|
| 6 | x | 2 | - | 4 |
| + | 3 | = | 6 | ÷ |
| 5 | × | 1 | - | 6 |

Start

### 2 Answer

| | | | | |
|---|---|---|---|---|
| 8 | 7 | 18 | 1 | 2 |
| 9 | 17 | 6 | 19 | 3 |
| 16 | 10 | 20 | 5 | 4 |
| 15 | 13 | 11 | 21 | 23 |
| 14 | 12 | 25 | 24 | 22 |

### 1 Answer

| | | | | |
|---|---|---|---|---|
| 2 | 1 | 14 | 13 | |
| 3 | 4 | | | 25 |
| 18 | | 16 | 10 | |
| 19 | | 6 | | |
| | | | | |

### 5

એક માણસને એક વાડીમાંથી ૧ લીંબું લાવવું હતું. હવે તે વાડીથી બહાર આવવા ૭ ચોકી હતી તે દરે ચોકીએ તેને પોતાની પાસેના લીંબુમાંથી અડધા લીંબુ આપવાં પડયા ત્યારે એ પ્રમાણે ચોકીએ ચૂકવતાં બહાર આવતાં એક જ લીંબુ બચે છે તો એણે પહેલા કેટલા લીંબુ લીધા હશે જેથી તે એક લીંબુ લઈ ઘરે પહોંચ્યો?

– ***પ્રેમચંદ શામજી મોમાયા*** (સાંયરા)

**5 જવાબ** : એણે પહેલા ૧૨૮ લીંબુ લીધા હશે.

| | |
|---|---|
| ૧૨૮-૬૪ = ૬૪ | ૧ ચોકી |
| ૬૪ - ૩૨ = ૩૨ | ૨ ચોકી |
| ૩૨ - ૧૬ = ૧૬ | ૩ ચોકી |
| ૧૬ - ૮ = ૮ | ૪ ચોકી |
| ૮ - ૪ = ૪ | ૫ ચોકી |
| ૪ - ૨ = ૨ | ૬ ચોકી |
| ૨ - ૧ = ૧ | ૭ ચોકી |

॥ શ્રી ભીડભંજન પાર્શ્વનાથાય નમઃ ॥

## શ્રી રંગપુર નગરે પર્વાધિરાજ પર્યુષણ પર્વે પધારવા ભાવભર્યું આમંત્રણ

આ વરસે પર્યુષણ પર્વ ઉજવવાની તડામાર તૈયારીઓ ચાલી રહી છે. આરાધના કરાવવા આપણાંજ રંગપુર ગામના ધર્મપ્રેમી સુશ્રાવક **શ્રી શાંતિલાલ ટોકરશી લાપસીયા** પધારશે. મુંબઈ અને બહારગામથી પધારનાર ભાવિકોની સંખ્યામાં દિવસે દિવસે વધારે થતી જાય છે અને આંક ૫૦ની સંખ્યા વટાવી જશે તેવી આશા છે. રખે, આપ વિચાર કરતા રહી જાવ માટે આ અવસરે પધારવા તૈયાર થઈ જજો. આપ સૌને **શનીવાર, તા.૧૧-૮-૨૦૧૨**ના રવાના થવાની ખાસ ભલામણ કરીએ છીએ. **સોમવાર તા.૧૩-૮-૨૦૧૨**ના ૧૮ અભિષેકનો કાર્યક્રમ રાખેલ છે. જામનગરથી સંગીતકાર મંડળી પધારશે. આ પાવન દિવસોમાં સાધર્મિકભક્તિનો લાભ નીચે જણાવેલ ભાગ્યશાળી પરિવારોએ ઉછળતા ભાવથી ઉરના ઉમંગે લીધો છે. અનુમોદના...

### તમે લાભ સવાયા લીધા

**શ્રાવણ વદ ૧૨, સોમવાર, તા.૧૩-૮-૨૦૧૨**
રૂા.૧૧,૦૦૦/- **માતુશ્રી લલીતાબેન કેશવજી કાનજી ઘરમશી પરિવાર**

**શ્રાવણ વદ ૧૩, મંગળવાર તા.૧૪-૮-૨૦૧૨**
રૂા.૧૧,૦૦૦/- **માતુશ્રી લીલબાઈ મેઘજી કરમશી ખોના પરિવાર**

**શ્રાવણ વદ ૧૪, બુધવાર તા.૧૫-૮-૨૦૧૨**
રૂા.૧૧,૦૦૦/- **માતુશ્રી શાંતાબેન કીલાચંદ દામજી નાગડા પરિવાર**

**શ્રાવણ વદ ૧૫ (અમાસ) ગુરૂવાર તા.૧૬-૮-૨૦૧૨**
રૂા.૧૧,૦૦૦/- **માતુશ્રી જયાબેન કુંવરજી ડાહ્યાભાઈ ઘરમશી પરિવાર**

**ભાદરવા સુદ ૧, શુક્રવાર તા.૧૭-૮-૨૦૧૨**
રૂા.૧૧,૦૦૦/- **માતુશ્રી પુષ્પાબેન પાશ્વીર વીરજી નાગડા પરિવાર**

**ભાદરવા સુદ ૨ શનિવાર તા.૧૮-૮-૨૦૧૨ મહાવીર જન્મ**
રૂા.૧૫,૦૦૦/- **માતુશ્રી ગોમાબેન ડાહ્યાલાલ હીરજી ઘરમશી પરિવાર**

**ભાદરવા સુદ ૩, રવિવાર તા.૧૯-૮-૨૦૧૨**
રૂા.૧૧,૦૦૦/- **માતુશ્રી કંચનબેન ગુલાબચંદ ત્રીકમજી નાગડા પરિવાર**

**ભાદરવા સુદ ૪, સોમવાર તા.૨૦-૮-૨૦૧૨**
રૂા.૨,૫૦૦/- સવારની નવકારશી-**મા. જયાબેન પ્રવીણભાઈ નરશી લાપસીયા પરિવાર**
રૂા.૫,૦૦૦/- બપોરનું જમણ-**શ્રી માણેકજી ત્રીકમજી જીવરાજ નાગડા પરિવાર**
રૂા.૧,૦૦૧/-બપોરે ચા-**મા.પ્રેમાબેન ડાહ્યાલાલ ત્રીકમજી ખોના પરિવાર હ.સૌ.સુમનબેન ચંપકલાલ**
રૂા.૨,૫૦૦/- સાંજનું ચૌવિહાર-**શ્રી જેઠાલાલ લાલજી મેઘજી ઘરમશી પરિવાર**

**ભાદરવા સુદ ૫ મંગળવાર તા.૨૧-૮-૨૦૧૨**
રૂા.૨,૫૦૦/- સવારની નવકારશી-**મા. વિજયાબેન ત્રીકમજી ખેતશી ઘરમશી પરિવાર**
રૂા.૫,૦૦૦/- બપોરનું જમણ-**મા. રમીલાબેન પુનશી ઘરમશી મુનવર પરિવાર**
રૂા.૫,૦૦૦/- બપોરનું જમણ-**શ્રી દિલીપકુમાર રૂપશી રતનશી લોડાયા પરિવાર હ.શૈલેશભાઈ**
રૂા.૧,૦૦૦/- બપોરની ચા-**મા. ભચીબેન વીરચંદ કાનજી ઘરમશી પરિવાર**

**ભાદરવા સુદ ૬, બુધવાર તા.૨૨-૮-૨૦૧૨**
રૂા.૨૧,૦૦૦/- **મા. લીલબાઈ પદમશી વેરશી વોરા પરિવાર**

**તપસ્વી બહુમાન : મા. શાંતાબેન કીલાચંદ દામજી નાગડા પરિવાર**

આ ઉપરોક્ત યાદી ઉપરાંત દરરોજ **પ્રભાવના** પેટે રૂા.૨,૦૦૦/-ના નકરાથી નવથી વધારે નામો આવેલ છે. દરેક દાતા પરિવારોની અનુમોદના અને અભિનંદન.. આપસૌના સાથ સહકારથી રંગપુર ગામ આનંદ અનુભવે છે. ફરી વિનંતી કે આપ સૌ ભાગ્યશાળી ગામવાસીઓ, નિયાણી બહેનો અને સગાવહાલા વધારેમાં વધારે સંખ્યામાં પધારશો.


આ પર્યુષણ પર્વ દરમ્યાન આપ સૌ આવશો તો જપ, તપ અને શ્રુતજ્ઞાનમાં અવશ્ય વધારો થશે અને દરરોજ પુજા, વ્યાખ્યાન, પોથી વરઘોડો, કલ્પસુત્ર વાંચન, બારસાસૂત્ર વાંચન, પારણાનો વરઘોડો વગેરે પ્રસંગે આપ સૌને રંગપુર નગરે શ્રી ભીડભંજન પાર્શ્વનાથ દાદાના દરબારે અદ્ભુત લાભ મળશે.

**ચાલો રંગપુર... ચાલો રંગપુર... ચાલો રંગપુર...**

**નિમંત્રક : શ્રી રંગપુર ક.દ.ઓ. જૈન શ્રી ભીડભંજન પાર્શ્વનાથ દેરાસરજી અને મહાજનવાડી ટ્રસ્ટના ટ્રસ્ટીઓ અને અધિકારીગણ વતી**

**પ્રમુખ શ્રી પંકજ કેશવજી ઘરમશીના જય જિનેન્દ્ર વાંચશોજી**

## ધર્માનુરાગી સુશ્રાવક શ્રી મુરજીભાઈને આદરાંજલિ



**શેઠ શ્રી મુરજી રાઘવજી લોડાયા**

(સાંધવ-મુંબઈ)

*હૈયું હેતનો હિમાલય, સ્નેહ સરિતા સમ વાણી*

*દિલ દુભાય જો કોઈનું, તો આંખમાં આવે પાણી*

*"હૈયે તેવું હોઠે" જેવી પારદર્શિકતા, નિખાલસ પ્રકૃતિ*

*મનનાં માયાળુ હૈયાના હેતાળ અને હૈયાના ઋજુ...*

સહુ પર સ્નેહ વરસાવતા સ્વજનની વસમી વિદાયથી શોકમગ્ન પરિવારની

એજ પ્રાર્થના. હે પરમાત્મા, એ આત્માને આપજો પરમ શાંતિ...

**શ્રીપૂજ જિનેન્દ્ર સૂરિ સ્મારક ટ્રસ્ટ**

**શ્રી જિનેન્દ્ર જ્યોતિર્ધામ મંદિરના મુખ્ય ટ્રસ્ટીને ભાવભીની આદરાંજલિ...**

**યતિ મોતીસાગરજી ક્ષમાનંદજી શ્રીજી મહારાજ**

---

### કે.ડી.ઓ. વેલફેર એસોસીએશન સંચાલિત

## ક.દ.ઓ. સામાજિક સુરક્ષા યોજના

**અગત્યની જાહેરાત**

સંસ્થાની સામાજિક સુરક્ષા યોજનાના સર્વે સભાસદોને જણાવવાનું કે તેમણે પોતાના પુરા નામ, જન્મ તારીખ, વસતીપત્રક ક્રમાંક, વતનનું ગામ તથા સભ્યપદ (મેમ્બરશીપ) રસીદ નંબરની વિગત સાથે (૧) ફોટો આઈડી માટે પેન કાર્ડ અથવા ઈલેક્શન કાર્ડની ઝેરોક્ષ કોપી અને (૨) એડ્રેસપ્રુફ માટે ટેલીફોન બીલ/ઈલેક્ટ્રીસીટી બીલની ઝેરોક્ષ કોપી પોતાની સહી સાથે સત્વરે નીચેના સરનામે મોકલી આપવી. સામાજિક સુરક્ષા યોજનામાં જોડાનારા નવા સભ્યોને પણ અરજીપત્રક સાથે ઉપરના ડોક્યુમેન્ટની ઝેરોક્ષ આપવી જરૂરી છે. આ ઉપરાંત નવા તથા સર્વે જુના સભ્યોને પોતાના PP સાઈઝના ફોટા મોકલવા.

ઘણી વખત જ્ઞાતિજનોને ખબર નથી હોતી કે તેઓ આ યોજનાના સભ્ય છે કે નહીં. તો તેવી અવઢવવાળા જ્ઞાતિજનોએ મોબાઈલ નંબર 09987071899-દીપક ડાઘા (મુંબઈ) અથવા 09448090307 પદમકુમાર નાગડા (હુબલી)ને KDOSS કોડ લખી પોતાનું પુરું નામ, જન્મ તારીખ, વતનનું ગામ તથા હાલ વસવાટની વિગતો SMS કરવી જેથી તેમને યોગ્ય જવાબ આપી શકાય.

**-: સંપર્ક :-**

**શ્રી કિશોર કાયાણી, એ-૧૩/૧૦, અપુર્વ એપાર્ટમેન્ટ, ગોવર્ધનનગર, LBS માર્ગ, મુલુંડ (પ), મુંબઈ-80.**

**ફોન 9920195551**

**શ્રી પદમકુમાર ધનજી નાગડા, એ-૮, કચ્છી હાઉસ, જયચામરાજ નગર, મેઇન રોડ, હુબલી.**

**મો. 09448090307**

## ચર્ચાને ચોતરે

વાચકોના સ્વતંત્ર મંતવ્યો

### વસ્તીપત્રક વિજાણુ માધ્યમનો વપરાશ અને લાભ

ક.દ.ઓ. જૈન જ્ઞાતિનું નવું વસ્તીપત્રક બનાવવા માટેની વિગતો વસ્તીતપત્રક સમિતિ છેલ્લા એકાદ વર્ષથી એકત્ર કરી રહેલ છે. સુરત મહાજને આ કામ માટે અન્ય સાથે મારા સુપુત્ર ચિ. હેમંત ઘરમશીને નિયુક્ત કરેલ. હાલમાં તેના પર વસ્તીપત્રક સમિતિનો ઈ-મેલ આવેલ અને તેની સાથે કેટલીક જુની માહીતી હતી જેને આજની સ્થિતિ પ્રમાણે સુધારીને મોકલવાની હતી. અમે જરૂરી વધારાની માહિતી અને જુની માહિતીમાં સુધારા કરીને ૨-૩ દિવસમાં ઈ-મેલ કરી દીધેલ.

એક જાણકાર ભાઈએ જણાવ્યું કે વસ્તીપત્રકની માહિતી દસ વર્ષ ઉપરની જૂની છે તેથી તેને "અપડેટ" કરવામાં સારો એવો સમય જાય છે. પત્રકનો જે "ડાટા" કે માહિતી ભંડાર છે તેને વિજાણું (Electro) માધ્યમમાં સંગ્રહિત કરીએ અને દર વર્ષે તેને અપડેટ કરીએ તો કદાચ હવે પછીના પ્રકાશિત થનારા વસ્તીપત્રક માટે બહુ વાર ન લાગે. આપણી જ્ઞાતિની સંખ્યા માત્ર ત્રીસ હજાર છે. તેથી આ કંઈ મુશ્કેલ કામ નથી. મોટી સરકારી કં.ઓમાં આનાથી વધારે સંખ્યામાં લોકો કામ કરતા હોય છે અને ત્યાં એક ઈ.ડી.પી. (Electronic Data Processing) વિભાગ હોય છે જે "ઓન લાઈન" આ "ડાટા બેઝ" અપડેટ કરતા હોય છે.

વસ્તીપત્રકમાં સમિતિએ ગામે ગામ કે કેટલાક કેસમાં ગામ સમૂહ વચ્ચે કોઈ ને કોઈ સંપર્ક સ્ત્રોત (Nodal Agency) રાખેલ હશે. મોટા ભાગે તો **"મહાજન"** જેવી સંસ્થાઓએ આ કામની સ્વૈચ્છિક જવાબદારી લીધેલ છે. તેથી દર વર્ષે નક્કી કરેલ સમયે જો હાલની આવા સંપર્ક સ્ત્રોત પોતાના વિસ્તારની માહિતી અપડેટ કરીને વસતીપત્રક સમિતિને મોકલે તો કદાચ જ્યારે નવું વસ્તીપત્રક છાપવાનું હોય ત્યારે આ પ્રક્રિયા સરળ અને ઝડપી બને. બની શકે તો પાસવર્ડ પ્રોજેક્ટ કરીને જ્ઞાતિનો આ ડાટાબેઝ નિયમિત અપડેટ થતો રહે તો સમગ્ર જ્ઞાતિને સરળતા રહે અને છેલ્લામાં છેલ્લી માહિતી મળે.

આ વસ્તીપત્રકની વ્યવસ્થા બહુ ઓછી જ્ઞાતિઓમાં હોય છે અને સૌને લાભદાયી આ વ્યવસ્થા માટે જ્ઞાતિને આપણાં મહાજનની અમૂલ્ય ભેટ અને યોગદાન છે.

*સુરત : ૨૫-૭-૧૨* — *પ્રવિણ શામજી ઘરમશી*

### પ્રાર્થનાસભા અંગે જોઈતા ફેરફાર

સમયનુસાર સામાજિક પ્રશ્નમાં ફેરફાર થતાં રહે છે પહેલા મૃત્યુના ૩ ત્રીજા દિવસે ઉઠમણું રહેતું. લગભગ ૧૨ દિવસ સાદડી-શોક રહેતા. સમય જતાં એ પ્રથા વ્યવહાર બંધ થયા અને આજે પ્રાર્થનાસભા કે ભાવયાત્રાનુ આયોજન થાય છે. અરીહંતશરણ પામેલ વ્યક્તિના સગા સંબંધી સ્વજનોને મલી સંવેદના વ્યક્ત કરવાની બધાને ઈચ્છા હોય છે. સુખમાં સહભાગી થવાથી સામેવાળાનું સુખ વધે અને આનંદ થાય કે મારા સુખમાં આટલા બધા સહભાગી થયા અને કોઇના દુઃખના પ્રસંગમાં સહભાગી થવાથી એનું દુઃખ ઘટે અને દિલાસો મળે. આશ્વાસનના બે શબ્દથી સામે વ્યક્તિને હિંમત આવે આ માટે આવા પરંપરાગત રીતરીવાજ પ્રચલિત હોય છે. આપણે એક બીજાના સુખ-દુઃખમાં સહભાગી થવું એ આપણી પરંપરા સંસ્કાર છે. નહીં તો પછી પારીવારીક સ્નેહ સંબંધ પુર્ણ થઈ જશે. આ બધું જરૂરી હોવા છતાં પણ તદન જરૂરી છે કે ખોટા દેખાવા કે ખર્ચા ન થાય. બધાજ એકવખતમાં મળી જાય માટે પ્રાર્થનાસભાનું આયોજન રખાય છે. પણ હૉલ-સંગીતકારના ખર્ચા ઘણાં વધી ગયા છે એ વાત પણ સાચી છે જે ટાળવા જોઈએ.

નાંદેડમાં પ્રાર્થનાસભા માટે ભરનારના પરિવારને કાંઈ પણ ખર્ચ આવતો નથી. ન સંગીતકાર કે મંડળ, ન હોલનું ભાડું અને પ્રાર્થના પણ એવી જાણે બધા પ્રભુભક્તિ ભાવનામાં બેઠા હોય બધા મળી સ્તવન-નવકાર ગાય કાર્યકર્તાઓ પરિવારને ખબર પણ ન હોય તેમ બધી તૈયારી કરી રાખે. પરિવારને સમયપર આવી બેસવાનું જ એટલું. બધા મલી સદ્ગતના આત્માને ચિરશાંતિ મળે એવી પ્રાર્થના કરે. તેમજ સદ્ગત જો કોઈ સમાજ કાર્ય કરનાર કે અગ્રણી વ્યક્તિ હોય તો ગુણાનુવાદ-આદરાંજલિ પણ અપાય.

*નાંદેડ, તા.૮-૭-૧૨* — *પ્રેમચંદ મોતા*

### ટ્રસ્ટના સસ્તા ભાડાના રહેઠાણો

શ્રી અનંતનાથજી ટ્રસ્ટે જ્યારે જમીન ખરીદ કરી ત્યારે જે ધ્યેય નક્કી થયેલ કે આપણી ક.દ.ઓ. જ્ઞાતિના સાધારણ તથા મધ્યમ વર્ગના કુટુમ્બો માટે સસ્તા ભાડેથી રહેઠાણો આપવા એટલે આ હેતુસર ખરીદાયેલ જમીન અને રહેઠાણો વેંચાય જ નહીં.

ટ્રસ્ટીઓએ "અનંતછાયા"ના વેચાણનો લીધેલ નિર્ણય રદ્દ કરવો જોઈએ.

આપણે હંમેશા યાદ રાખીએ કે ક.દ.ઓ. જમીનો લઈ શકે છે. વેચતા નથી.

*૨૦-૭-૧૨ ક્લીકટ* — *થોભણ ચાંપશી લોડાયા*

|| શ્રી અનંતનાથાય નમઃ ||

# KDO શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ KDO

દશાઓની નવી દિશા

## વિવિધ સમિતીઓ દ્વારા જ્ઞાતિ ઉપયોગી સેવાઓનો આપ સૌ જ્ઞાતિજનોને લાભ લેવા વિનંતી

### HEALTH

**શેઠશ્રી નરશી નાથા મેડીકલ ટ્રસ્ટ દ્વારા**

❁ મેડીકલેમ પોલીસી ❁ જરૂરીયાતમંદ માટે લોન

❁ માંદગી દરમ્યાન ડોકટરોની સલાહ સુચન

❁ ટુક સમયમાં ભાંડુપ ખાતે મેડીકલ સેંટરની શુરૂઆત

સંપર્ક : મનીષ ડાઘા – 98200 72705

### KDO GRUhA UDHYOG

**માતુશ્રી કુંવરબાઈ નરશીનાથા ટ્રસ્ટ દ્વારા**

વ્યાજબી દરે તાજા બનાવેલા મીષ્ટાન, ફરસાણ

તથા અન્ય ખાદ્ય પદાર્થોનું વેચાણ

મસ્જીદબંદર, ભાંડુપ, ડોંબીવલી

**ગૃહઉદ્યોગ માટે બહેનોની જરૂર છે.**

સંપર્ક : રાયચંદ લોડાયા – 98211 31206

### eduspark

let us light, the light within

❁ ઉચ્ચ શિક્ષણ માટે લોન

❁ શૈક્ષણીક સલાહ તથા માર્ગદર્શન,

❁ માઈનોરીટી સર્ટીફિકેટ મહાજન કાર્યાલયથી મળશે.

❁ ગુલાબ ધરમશીના આર્થિક સહયોગથી

કમ્પ્યુટર બેસિક કોર્સ તદ્દન ફ્રી.

સંપર્ક : પોલમી ધરમશી – 98213 35888

### ધાર્મિક

❁ ધાર્મિક ગ્રુપ ટયુશન લેવા તથા આપવા

આપને આમંત્રણ

❁ તપસ્વી બહુમાન : રવીવાર, તા. ૨૬-૮-૧૨

ઝવેરબેન સભાગૃહ ઘાટકોપર

❁ કેરેલા યાત્રા : તા. ૧૬-૧૧-૧૨ થી ૨૬-૧૧-૧૨

❁ કચ્છ ચૈત્ય પરિપાટી : તા ૨૮-૯-૧૨ થી ૧-૧૦-૧૨

સંપર્ક : કુમાર દંડ – 93226 80008

### સાધર્મિક સહાયતા

સાધારણ પરિસ્થિતિવાળાઓ માટે

દર મહિને ૧૫૦૦/-

માતુશ્રી નવલબેન નવીનચંદ્ર ધરમશી

સુથરી, પુના/ માટુંગાના સહયોગથી

મહાજન અંર્તગત ચાલુ છે.

જરૂરીયાતમંદોએ સંપર્ક કરવા વિનંતી

સંપર્ક : વીરેન્દ્ર લોડાયા – 98210 73830

### SMS તથા વેબસાઈટ

૭૦૦૦ થી વધુ જ્ઞાતિજનોને નિયમિત સેવા

પ્રાર્થના તથા સંસ્થાકીય SMS

એક SMSના ₹ ૫૦૦/-, ધંધાકીય ₹ ૧૨૦૦/- (૧૫૦ શબ્દ)

વેબસાઈટમાં જાહેર ખબર આપવા વિનંતી

સંપર્ક : જયેશ મોમાયા – 98205 53123

Web :- www.kdomahajanmumbai.org

e-mail :- kdomumbai@gmail.com

### RIGHT MATCH

Pairs forever

**સગપણ સેતુ**

રાઈટમેચ દ્વારા ઉજી સફળ સીઝનની બુકલેટ

₹ ૫૦૦/- માં મહાજન કાર્યાલયમાં ઉપલબ્ધ.

નવા ઉમેદવારોએ પોતાની વિગત જણાવવા વિનંતી

સંપર્ક : ચાંદની લાલકા – 98332 25053

### સમૂહ લગ્ન

૬૯મો સમૂહ લગ્ન

તા. ૧૬-૧૨-૨૦૧૨, રવિવારના

કાંજુરમાર્ગ કોમ્પલેકસ ખાતે યોજાશે. નામો નોંધાવવા વિનંતી.

આંતર જ્ઞાતિ લગ્ન (છોકરો KDO હોવું જરૂરી) સ્વીકારશે.

❁ લગ્ન પ્રસંગે નવયુગલો માટે ભેટ-સોગાદ આવકાર્ય.

સંપર્ક : મુકેશ લોડાયા – 98211 54326

રાહુલ ધુલ્લા – 98214 81450

### Job Junction

successful career station

નોકરી મેળવવા તથા નોકરી આપવા.

કૃપા કરી આ સેવાનો લાભ લઈ

જ્ઞાતિમાં અદાન/પ્રદાન કરો.

સંપર્ક : પોલમી ધરમશી – 98213 35888

### KDOworld

KUTCHI DASHA OSWAL

SHRI KUTCHI DASHA OSWAL JAIN GNATI MAHAJAN, MUMBAI

સફળ શરૂઆત બાદ ૨જુ એડીશન તુરંતમાં આવી રહ્યું છે

આપના વ્યવસાયની જાહેર ખબરો મોકલવા વિનંતી,

❁ KDO વર્લ્ડ બુક

પખવાડીક કરવાની વીચારણા

સંપર્ક : સંજય લોડાયા – 98672 49572

### નૈતિક ફરજ

**લાગા / રોલ પત્રક**

મહાજનશ્રીના લાગા આજે જ કાર્યાલયે

ભરી જવા નમ્ર વિનંતી.

પ્રત્યેક જ્ઞાતિજનના એક વર્ષના ₹ ૫૦/-

એક સાથે ૫ વર્ષના લાગા ભરવાની સગવડતા.

સંપર્ક : તેજપાલ ધરમશી – 98700 70027

### યુવા તથા સ્પોર્ટસ

ટ્રેડફેર ૨૦૧૩ જાન્યુઆરીમાં

બે દિવસ માટે

તથા વિવિધ રમતગમતનું આયોજન

સંપર્ક : અજય લોડાયા – 98923 72777

## પ્રમુખશ્રીની જ્ઞાતિજનોને નમ્ર વિનંતી...

પ્રિય જ્ઞાતિજનો, મહાજનશ્રી દ્વારા થતી વિવિધ પ્રવૃતિઓમાં કોઈપણ પ્રકારના સલાહ સુચન તથા આપના નવા વિચારો આવકાર્ય છે.

આપ મને મારા પર્સનલ ID પર ઈમેલ એડ્રેસ ઉપર મળી શકો છો.... e-mail : nayan_b@neptunegroup.in

## લક્ષ્મી સચવાય છે અને સરસ્વતી વેંચાય છે–એક નિરિક્ષણ - *પ્રવિણચંદ્ર શામજી ધરમશી (સુરત) ફોનઃ 9978903247*

અમારા પરિવારે હમેંશા શિક્ષણને પૈસા કરતાં વધારે મહત્ત્વ આપ્યું છે. કારણ કે શિક્ષણ મેળવવા માટે મહેનત કરવી પડે છે, સમયનો ભોગ આપવો પડે છે. જન્મતાંની સાથે કોઈ વ્યક્તિ શિક્ષિત નથી બનતી પણ પૈસાદાર હોઈ શકે છે. કોઈ ઉદ્યોગપતિનું સંતાન જનમતાંની સાથે કરોડપતિ બની શકે છે પણ તેને સ્નાતક કે અનુસ્નાતક થવા માટે સમય લાગે છે અને તેણે ભણવું પડે છે. પૈસા વડિલોપાર્જીત હોઈ શકે છે. પણ શિક્ષણ નહીં. જે વસ્તુ પામવા મહેનત કરવી પડે કે ભોગ આપવો પડે તે વસ્તુ શ્રેષ્ઠ હોય તેવી સમજણ, શિખામણ અને સંસ્કાર અમને આપવામાં આવેલ. પણ હાલમાં બે ત્રણ એવી ઘટનાઓ બની કે જેનું તારણ એ છે કે સરસ્વતીનું સન્માન થાય પણ પૂજા તો લક્ષ્મીદેવીની જ થાય! પુસ્તકો તાળા વગરના કબાટમાં કે કાચવાળા શૉ કેસમાં જ રાખવામાં આવે છે. જેથી લોકો તેને જોઈ શકે જ્યારે લક્ષ્મી તિજોરીમાં તાળાબંધ રાખવામાં આવે છે અને લોકો તેને જુએ નહીં તેવી રીતે.

થોડા દિવસ પહેલાં એક રવિવારે સવારના ૧૦ વાગ્યાની આસપાસ હું સમાચારપત્રો વાંચી રહ્યો હતો ત્યારે એક પસ્તી લેવાવાળો આવ્યો. શ્રીમતીજીએ તેને જૂના સમાચારપત્રો તથા પુસ્તકો આપ્યા. પસ્તીવાળાએ સમાચારપત્રની પસ્તીનો ભાવ એક કિલોના ૯ રૂા. અને પુસ્તકોનો ભાવ એક કિલોના ૬ રૂા. કહ્યો. મોટા ભાગના પુસ્તકો લગભગ નવા જેવા જ હતા. કેટલાક પર તો ખાખી કવર પણ ચડાવેલ હતા. કેટલાક મારા સુપુત્રના સી.એ. અને સી.એસના પ્રોફેશનલ જર્નલ હતા તો કેટલાક મારી પૂત્રવધુના મેડીકલના પ્રોફેશનલ જર્નલ હતા. આટલા સરસ અને નવા જેવા પુસ્તકો કેમ કાઢી નાખો છો? મારા એ પ્રશ્નના ઉત્તરમાં આઉટડેટેડ છે. ત્યારપછી પસ્તીવાળાએ શ્રીમતીજીને રૂા.૧૨૫ આપ્યા. જેમાં રૂા.૫ ની નોટ એટલી ખરાબ હતી કે શ્રીમતીજીએ તે લેવાની ના પાડી. પસ્તીવાળો કહે બેન આજે રાખી લો બે દિવસ પછી આવું છું."

આ ૫ રૂા.ની નોટનો અસલ લીલો કલર ક્યાં ક્યાંક ધાબાના રૂપમાં દેખાતો હતો બાકી તે લગભગ ડાર્ક ગ્રે કલરની જ હતી. મુશ્કેલીથી ૫ રૂા. વંચાતું હતું. નોટને વચ્ચે પારદર્શક સેલો ટેપથી ચોંટાડેલ હતી અને પછી તેને પ્લાસ્ટીકની પારદર્શક કોથળીમાં નાખીને ફરીથી સેલો ટેપ મારેલ હતી. ગુજરાતમાં રહેતા આપણા જ્ઞાતિજનો માટે આવી નોટો એ નવાઈની વાત નથી! મેં હુજ સુધી એક પણ ચલણી નોટને કચરાટોપલીમાં નથી જોઈ ભલે તે ગમે તેટલી ફાટેલ હોય કે ગંદી હોય.

આ સામાન્ય ઘટના પાછળનો બોધ એ જીવનની કડવી વાસ્તવિકતા છે. સરસ્વતી એટલે કે પુસ્તક પહેલાં વંચાય છે પછી વેંચાય છે. જ્યારે લક્ષ્મી પહેલાં કમાવાય છે અને પછી સચવાય છે. સરસ્વતી ભલે વજનમાં વધારે હોય પણ કિંમત તો લક્ષ્મીજીની જ વધારે થાય છે. કેટલાક કિલો પુસ્તકો કે નોટબુકની કિંમતના બદલે કેટલાક ગ્રામ કરન્સી નોટ એટલે લક્ષ્મી મળે. પુસ્તકો ૫-૧૦ વર્ષે આઉટડેટેડ થઈ જાય છે જ્યારે લક્ષ્મી ક્યારે પણ આઉટડેટેડ નથી થતી.

૫ વર્ષ અગાઉ જે પૂસ્તકની કિંમત ૪૦૦ રૂા. હોય તે આજે પસ્તીમાં ૧૦ રૂા. હોઈ શકે જ્યારે ૫ વર્ષ અગાઉની ૫ રૂા.ની નોટ આજે પણ ૫ રૂા.ની કિંમતની છે ભલે તેની ખરીદશક્તિ ઘટી ગઈ હોય. જ્ઞાન એટલે સરસ્વતી દેવીને હમેશાં અપટેડ રહેવું પડે છે જ્યોરે લક્ષ્મીજીને આવી કોઈ પળોજણ નહીં, લક્ષ્મીજીને એટલે કે પૈસાને તમે બેંકમાં ફીક્સ ડીપોઝીટમાં મૂકો તો વ્યાજ પણ મળે જ્યારે સરસ્વતી કદાચ જો હજી પણ આઉટ ડેટેડ ન હોય તો બુક બેંકમાં મફતમાં જાય છે.

સરસ્વતિનું વજન ભલે વધારે પણ મૂલ્ય તો લક્ષ્મીજીનું થાય છે.

આ સ્થાને મને એક યથોચિત પસંગ યાદ આવે છે.

સામ્યવાદના પ્રણેતા અને પ્રખ્યાત લેખક કાર્લમાર્કસનું તેમની પુસ્તક "દાસ કેપીટલ" લખવા બદલ સન્માન થવાનું હતું ત્યારે તેમના પત્નિએ કહેલ કે "આ પુસ્તક લખવા કરતાં થોડી કેપીટલ (મુડી) બનાવી હોત તો વધારે સારું થતે"!

મારી સાથે કામ કરતા મારા એક સહકર્મી પ્રતિભાશાળી અને બહુમુખી પ્રતિભા છે. અમારા ત્રણ-ચાર જણાનું એક બૌધિક ગ્રુપ છે જે ભેગા મળીને ચર્ચાઓ વાતચિત કરી છીએ. તેમના સમાજના કોઈ પ્રસંગ ક્યારેક મને પણ મહેમાન તરિકે લઈ જાય આવા એક વિદ્યાર્થી સન્માનના પ્રસંગે તે મને મહેમાન તરિકે લઈ ગયા હતા. તેમણે પ્રંસગોચિત ખુબજ સુંદર પ્રવચન આપ્યું જે મેં સાંભળેલા શ્રેષ્ઠ પ્રવચનોમાંનું એક છે. પણ તેમને જેટલો મળવો જોઈએ તેટલો પ્રતિસાદ કે અભિવાદન ન મળ્યું. મેં તેમને વ્યક્તિગત રીતે ખુબ જ અભિનંદન આપ્યા. ત્યારપછી તેમના સમાજના અન્ય મહાનુભાવ જે મુખ્ય અતિથિ

હતા. તેમને બે શબ્દો કહેવાના હતા.. ભાઈશ્રી બહુ ભણેલ નહીં પણ જમીન દલાલીના વ્યવસાયમાં સારું કમાયેલા હતા.. તેમણે જે ભાષણ વાંચ્યુ તદન રસવિહિન અને ક્યારેક ક્યારેક તો અસંગત પણ લાગ્યું.. પણ ભાષણના અંતે તેમણે આગામી વિદ્યાર્થી સન્માનના સ્પોન્સર તરિકે તેમના સમાજને રૂા.૨૧,૦૦૦/-ની જાહેરાત કરી.. આ જાહેરાત પછી તેમને સમગ્ર ઉપસ્થિતી તરફથી અભૂતપૂર્વ અભિવાદન મળ્યો.. ખુબ જ મનોનિય અને સમૃધ્ધ પ્રવચન સમજવા માટે એટલું જ બૌધિકસ્તર કે જ્ઞાન જરૂરી છે. પણ પૈસાનું મુલ્ય સમજવા માટે તે જરૂરી નથી.. જેથી મુખ્ય અતિથિને સારો પ્રતિસાદ મળ્યો..

જૈનોમાં "જ્ઞાનપૂજન"ની વિધિ હોય છે અને સુરતમાં દિવાળી પછી "જ્ઞાનપંચમી" ઉજવાય છે. આ જ્ઞાનપૂજનમાં ધાર્મિક પુસ્તક કે પોથી ઉપર યથાશક્તિ રૂપિયાની નોટ મુકી થોડું વાસક્ષેપ છાંટીને પૂજ્ય સાધુસંત કે ગુરૂભગવંત સમક્ષ નતમસ્તક ઉભું રહેવાનું હોય છે પછી પૂજ્યશ્રી શ્રાવક/શ્રાવિકના માથાપર વાસક્ષેપ છાંટીને આશીર્વચન કે માંગલિક સંભળાવે છે. અહીં પણ સરસ્વતિની પૂજા માટે લક્ષ્મી જ જરૂરી છે!

આજે સમાજે ભણતરને એટલે કે ઔપચારિક શિક્ષણ-કમાણી સાથે જોડેલ છે. શિક્ષણ એટલે માત્ર પૈસા કમાવવા માટેનું સાધન.. સારી અને મૌલિક વિચાર શક્તિ, સંસ્કાર, જ્ઞાન, સદ્ગુણ કે મૂલ્યવૃધ્ધિ જેવા શિક્ષણના દ્રશ્ય (Intangible) પાસાનું કોઈ મૂલ્ય નથી કરતું.. શિક્ષણ એટલે સફળતા અને તે પણ આર્થિક તેવું માનવાવાળા બહુમતીમાં છે.

## કાવ્ય-પ્રકાશ : પર્વ પર્યુષણ મહાન

***રાગ - ભમરો ઊડેરે રંગ મોલમાં રે***

હે-પર્વ પર્યુષણ પર્વ છે મોટો જગમાં ન જડે પર્વનો જોટો
હેતે વધાવો હર્ષ ધરીને, હૈયે રૂડાં ભાવ ભરીને (૨)
મોરલો ટહુંકે રે અનંતછાયા ચોકમાં રે
ટહુકાનો મીઠો રણકાર રે... અનંતછાયા ચોકમાં રે..૧
આવ્યા રૂડાં પર્વ પર્યુષણના ઉજમણાં રે
ભક્તિ ભાવના કરીએ સૌ સંગાથ રે... અનંત..૨
આસોપાલવના તોરણ બાંધશું રે
રંગબેરંગી રંગોળી પુરાય રે... અનંત... ૩
મૂળનાયક અનંતનાથ બિરાજતાં રે
જમણી બાજુ શાંતિનાથ સોહાય રે... અનંત... ૪
ડાબી બાજુ ચંદ્રાપ્રભુ શોભતાં રે
પાતાળયક્ષ ને અંકુશામાં રક્ષણહાર રે... અનંત... ૫
શ્રાવણ ભાદરવાના રળિયામણા દિવસો રે
આઠ દિવસ છે પર્વના અણમોલ રે... અનંત... ૬
ગુરૂ મહારાજની વાણી સાંભળીએ ભાવથી રે
કલ્પસૂત્રને બારસાસૂત્ર વંચાય રે... અનંત... ૭
જપ તપ કરીને કર્મો ખપાવશું રે
સામાયિક પ્રતિક્રમણ સવાર સાંજ થાય રે... અનંત... ૮
ઢોલ નગારા દુંદુંભી વાગે ચોકમાં રે
ભક્તો તારા હરખે નાચે આજ રે... અનંત... ૯
મિચ્છામી દુક્કડમ કરશું સૌ ભેગા મલી રે
જી.વી.સી. સંઘનો હરખ ન માય રે... અનંત... ૧૦

- ***તારામતી એલ. નાગડા*** (ઘાટકોપર)

## -: અગત્યની સુચના :-

● *"પ્રકાશ સમીક્ષા"ના વાચકોને જણાવાવનું કે, ટપાલ ખાતા દ્વારા મુંબઈ અને થાણા જીલ્લા સિવાય બહારગામની ટપાલ સોર્ટીંગમાં ફેરફાર કરાયો છે. જેને કારણે બલ્ક ટપાલો હવે મુંબઈથી મથકે જશે ત્યાં ફરી સોર્ટીંગ થઈ આસપાસના નાના કેન્દ્રોપર જશે આ નવી પ્રક્રિયા થકી થોડા વિલંબ થવા અને અંક મોડા મળવા સંભવ છે.*

● *અંક ન મળવા કે અનિયમિત મળવાની ફરીયાદો મળે છે. એ બાબત આપ સ્થાનિક ટપાલ ઓફિસમાં જઈ કોઈ અંક બતાવી દર મંગળવારે પોસ્ટ થતા અંક ન મળતા હોવાની ફરીયાદ લેખિત નોંધાવવી તેની એક કોપી અમને મોકલશો તો અહીં પત્રિકા ચેનલ વિભાગમાં અમે ફરીયાદ કરી યોગ્ય કરી શકીએ.*

● *દરેક પરિવારે પોતાના અંકના સ્ટીકર ચેક કરી સુધારા કે પીન કોડ ન હોય તો લખી મોકલવા.*

● *બદલાયેલા સરનામા મોકલતા સાથે જ્યાં પહેલા અંક મળતા હતા એ જુનું સરનામું રદ કરવા જણાવશો.*

● *જેમણે વાર્ષિક લવાજમ રૂા.૫૦/- ન ભર્યું હોય તેમણે માનદ પ્રતિનિધિઓ પાસે કે કાર્યાલયે વર્ષ ૨૦૧૨-૧૩નું લવાજમ ભરી આપની ફરજ અચુક નિભાવશો. (અંક આવતા હોય તો રસીદમાં YES લખાવવું.)*

● *સંયુક્ત કુટુંબથી નવા અગલ થતા પરિવાર પોતાનું નવું સરનામું જણાવતા એ બાબતની વિગત જણાવવી.*

● *કોઈને ત્યાં ડબલ અંક આવતા હોય તો એક રદ કરવા સરનામું જણાવવું.*

● *અંક દર સપ્તાહે www.prakashsamiksha.com સાઈટ પર પણ જોઈ શકાય છે.*

# ભાવભીની શ્રધ્ધાંજલિ

: જન્મ :
૧૮-૧-૧૯૪૪



: અરિહંતશરણ :
તા.૨૭-૭-૧૨

**પ્રભાવંતી સોમચંદ નરશી દંડ**

(લાલા-મુલુંડ)

*માં સદેહે આપણી વચ્ચે ન હોવા છતાં માં કદી વિદાય લેતી નથી.*
*જનનીની જોડ જગે નહી જડે રે લોલ....*

**-: શોકાતુર :-**

| | |
|---|---|
| પતિ | : **સોમચંદભાઈ** |
| પુત્ર-પુત્રવધુ | : **મનોજ-પલ્લવી, નિલેશ-હર્ષા** |
| પુત્રી-જમાઈ | : **અ.સૌ. જયશ્રી પંકજ પદમશી ખોના, કુ. અલ્પા સોમચંદ દંડ** |
| પૌત્ર-પૌત્રી | : **ચિ. મીત, ચિ. મોનીલ, કુ. ગ્રીષ્મા, કુ. મોના** |
| દોહીત્ર | : **ચિ. ભાવીન, ચિ. કેવલ** |
| દિયર-દેરાણી | : **મણીલાલ હીરાવંતી, હીરાચંદ મધુબેન, કાંતિલાલ રેખાબેન,** |
| નણંદ-નણંદોઈ | : **ગં.સ્વ. ગુણવંતીબેન પદમશી લોડાયા, કુ. ચંપાબેન નરશી દંડ** |
| માવિત્ર | : **સ્વ. જેતબાઈ વેલજી કુંવરજી ખોના પરિવાર (સુથરી)** |

**માતુશ્રી ધનબાઈ નરશી કાનજી દંડ સમસ્ત પરિવારના જય જિનેન્દ્ર**

॥ શ્રી મહાવીર સ્વામીને નમઃ ॥ ॥ શ્રી સુવિધિનાથાય નમઃ ॥ ॥ શ્રી આદીનાથાય નમઃ ॥

# શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ જખૌ મહાજન

જખૌ મહાજન
Estd. 1966

(રજીસ્ટ્રેશન નંબર A 1106 (કચ્છ) તા. ૨૮-૯-૬૬)

**હેડ ઓફીસ :** શ્રી રત્નટુંક જૈન દેરાસર, જખૌ, અબડાસા (કચ્છ) - ૩૭૦ ૬૪૦. ફોન : (૦૨૮૩૧) ૨૮૭૨૨૪

**Mumbai Off. :-** C/o. 201, Toral C.H.S, Shashtri Nagar, DOMBIVLI (W) 421 202.
Tel. : 0251 - 2481061 ✦ E-mail : jakhaumahajan@gmail.com

## આમોતરૂં આમંત્રણ

સર્વ ગામવાસીઓ તથા નિયાણી બહેનો,

શ્રી જખૌ મહાજન આયોજીત વાર્ષીક સ્નેહમીલન રવિવાર તા. ૩૦/૧૨/૨૦૧૨ ના મુંબઈમાં ભાંડુપ ખાતે યોજેલ છે. જેનું વિગતવાર કાર્યક્રમ પાછળ થી જણાવવામાં આવશે.

રેલ્વે નિયમ પ્રમાણે ૧૨૦ દિવસ ટિકીટ બુકિંગ થતુ હોવાથી અમે અમારી જવાબદારી સમજીને સમય સર સ્નેહમીલનો આમંત્રણ મોકલીએ છીએ. હવે તમે તમારી ફરજ સમજી સમય સર રેલ્વે ટિકીટ બુકિંગ કરાવી વધુમાં વધુ સંખ્યામાં પધારી જખૌ ગામની એકતા અને શોભામાં અભીવૃધી કરશોજી.

લી.

**શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ જખૌ મહાજન**

શ્રી ભરત વેરશી જીવાણી - પ્રમુખ

॥ જય જય શ્રી સચ્ચાઈ માં ॥

**શ્રી લાલા ગામના દંડ પરિવારના કુળદેવી સચ્ચાઈમાના ભાવિકોને**

## સચ્ચાઈ માની નૂતન આરસની દિવ્ય અલૌકિક પ્રતિમાની પ્રતિષ્ઠા પ્રસંગે...

## સહર્ષ હાર્દિક આમંત્રણ

**-: કાર્યક્રમ રૂપરેખા :-**

| તા.૧૮-૧૨-૨૦૧૨ | તા.૧૯-૧૨-૨૦૧૨ | તા.૨૦-૧૨-૨૦૧૨ |
|---|---|---|
| માગશર શુદ ૬ મંગળવાર<br>મુંબઈથી પ્રસ્થાન... | માગશર સુદ ૭ બુધવાર<br>ભુજથી લાલા વાયા ગજોડ | માગશર સુદ ૮ ગુરૂવારના<br>દેવસ્થાનમાં નૂતન પ્રતિમાની<br>પ્રતિષ્ઠાની વિધિ<br>રાત્રિના ભુજથી પ્રસ્થાન... |

**ભુજથી લાલા આવવા-જવા માટે વાહનની સગવડ અને રહેવા તથા ભોજનની વ્યવસ્થા રાખેલ છે.**

-: નિશ્રા :-

**ભુવા શ્રી દિનેશભાઈ દંડ (સાંધવ) ● ભુઈમા સરલાબેન ખુશાલ દંડ (લાલા)**

નોંધ : પધારનાર ભાવિકોએ પોતાના નામ, ઉંમર, ટેલીફોન નંબર વગેરે વહેલી તકે **તા.૧-૧૨-૧૨** પહેલા લખાવી દેવા જેથી વ્યવસ્થા કરવાની સગવડ થાય.

-: દર્શનાભિલાષી :-

**શ્રી નવીન હીરજી દંડ - મો.09726939393 ● શ્રી હીરાચંદ નરશી દંડ - મો.09322250265**

## બીજી પુણ્યતિથીએ સ્નેહાંજલિ

કચ્છ
સાંધવ



મુંબઈ
મુલુંડ

**માતુશ્રી ઝમકુબાઈ લાલજી લોડાયા (પટેલ)**


અરિહંતશરણ : તા.૭-૮-૨૦૧૦

અંધારામાં દેખાડે રાહ એવી દિવ્ય દીવડી હતા તમે... હે મા!
રણમાં છીપાવે તરસ એવી મીઠી વીરડી હતા તમે... હે મા !
તમે છો અમ હૃદયગોખલે બિરાજમાન.
તમારા દિવ્ય આત્મા પ્રતિ ભાવવંદન...

**આપના પરિવારજનો...**

પુત્ર-પુત્રવધુ : **અ.સૌ. વિજયા ગોવિંદજી પટેલ** (મુલુંડ)
પૌત્ર-પુત્રવધુ : **અ.સૌ. પ્રિયા વિપુલ પટેલ**
**અ.સૌ. હેતલ હિતેશ પટેલ** ● પૌત્ર ; **નિખિલ પટેલ**
પૌત્રી-જમાઈ : **સૌ. કિંજલ મેહુલ નાગડા** (તેરા-અબુધાબી)
પૌત્રી **કુ. તેજલ**
પરપૌત્રો : **નેવિલ, સ્મિત, વત્સલ અને મોક્ષીલ**
પરદોહીત્ર : **કનિષ્ક નાગડા**

## ભાવભીની શ્રધ્ધાંજલિ



**શ્રી મુલજી રાઘવજી લોડાયા**

(સાંધવ-દાદર) દેહવિલય તા.૨૭-૭-૨૦૧૨

ધર્મ, સત્કર્મ અને જીવદયાને જીવનમાં પ્રાધાન્યતા આપી માનવ ભવ સાર્થક કરનારા કર્મયોગી વાત્સલ્યહૃદયી વડીલશ્રીને ભાવભરી શ્રધ્ધાંજલિ... પુષ્પાંજલિ...

**-: પ્રાર્થયિતા :-**

**શ્રી હીરાચંદ અરજણ પટેલ પરિવાર** (બાંઢીયા-ઐરોલી)
**શ્રી ઉમેશ લધુભાઈ દંડ પરિવાર** (સાંધવ-ઘાટકોપર)
**શ્રી. લક્ષ્મીચંદ જીવરાજ ખોના LJ** (સાંધવ-હુબલી)


"મહાવીર"-માટુંગા "મહાવીર"-માટુંગા "મહાવીર"-માટુંગા

**Limited Stock...**
**એમ્બ્રોડેરીની સેમ્પલ સાડીઓ અડધા ભાવે**
**મહાવીર એમ્બ્રોડેરી-માટુંગા (CR) માં...**

- હેન્ડ વર્ક-મશીન વર્ક પારસી સાડીઓનો નવો સ્ટોક
- Real અને Tested જરીની સાડી, ચણીયાચોળીમાં અનેક વેરાયટી.
- કસબ-બટકસબ ઝીંક કસબની સાડી, બોર્ડરમાં નવી ડીઝાઈનો આવેલ છે.
- લગ્ન તથા શુભ પ્રસંગને અનુરૂપ Designer સાડીઓ. તમારી જુની સાડી ચણીયા-ચોળી સેલા ઓલ્ટ્રેશન કરી Designer Look બનાવી આપશું.
- પ્લેન પોત તથા બાંધણી માટે Fancy બોર્ડર મળશે.

**ફક્ત સાચી જરીની જુની સાડીઓ-બોર્ડરો અને ઘરચોળા સારા ભાવે વેંચાતા લઈશું**

**મહાવીર'સ એમ્બ્રોઇડરી**

મહાવીર બીલ્ડીંગ કંપાઉન્ડ, ભંડારકર રોડ,
માટુંગા (સે.રે.), મુંબઈ-400019.
ફોન : 24025070, 65046030, 8652239537
www.mahavirembroidery.in (Sunday Closed)
**નોંધ : એમ્બ્રોયડરી તથા સાડીની દુકાન માટે અનુભવી/ બીનઅનુભવી સેલ્સમેન જોઈએ છે. પગાર લાયકાત મુજબ.**

"મહાવીર"-માટુંગા "મહાવીર"-માટુંગા "મહાવીર"-માટુંગા


।। શ્રી આશાપુરામાતાય નમઃ ।।

માતાજીની અસીમ કૃપાથી **જખૌ** (કચ્છ)માં બિરાજમાન **મૈશેરી પરિવાર**ના કુળદેવી શ્રી આશાપુરા માતાજીના નૂતન સ્થાનક મંદિરે પુનઃ પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે સર્વે ભાવિકોને....

## ભાવભર્યું આમંત્રણ

**શ્રી જખૌ નિવાસી સમસ્ત મૈશેરી પરિવાર જોગ...**

જખૌમાં નીમવારા ફરિયામાં બિરાજમાન મૈશેરી પરિવારના કુળદેવી શ્રી આશાપુરા માતાજી, શ્રી ખેતરપાળ દાદા, શ્રી ભલારાદાદા તથા શ્રી ઈશાક પીર ઓલિયાના સ્થાનકનું નવનિર્માણ (જિર્ણોધ્ધાર) કરાવેલ છે. પૂજ્ય દેવ-દેવીઓની પુનઃપ્રતિષ્ઠાનો કાર્યક્રમ કારતક સુદ ૫ને **રવિવાર તા.૧૮-૧૧-૧૨ના** સવારના ૮ થી ૩ વાગ્ય સુધી પ્રતિષ્ઠા વિધિ વિધાન રહેશે. એજ દિવસે સાંજે ભલારાદાદાનો સામૂહિક પાઠ રહેશે.

કારતક સુદ-૬ને સોમવાર **તા.૧૯-૧૧-૧૨ના** સવારે ૯ કલાકે માતાજીની **સામૂહિક પહેડી** રહેશે.

આ શુભ પ્રસંગે જખૌવાસી સમસ્ત મૈશેરી ગોત્ર પરિવાર, પરિવારના નિયાણી બહેનોને સહપરિવાર તથા આમંત્રિત મહેમાનોને પધારવા સહૃદયે આમંત્રણ આપીએ છીએ.

**નિમંત્રક : ભુઈમાં રાજુલાબેન રમેશ વેલજી મૈશેરી**
**સંપર્ક : 09424051591**

(નોંધ : આ શુભ પ્રસંગોમાં ભાઈઓ તથા બહેનોએ કાળા વસ્ત્રો ધારણ કરવા નહિં)

# TEEN TWINKLE

**General Knowledge & fun for teenagers.**

**Mrs. Neelam Dalesh Momaya (Chalisgaon)**
**M/s. Damji Bhimji Co.,** Station Road,
Chalisgaon- MH. 424101.

**Fear is the root of all evil**

If you want to leave the imprints on the sand of time, you must know how to live, suffer and die for your convictions. In one word you should be fearless Till death for the vindication of truth. All great men, whom the mass of humanity worships were fearless. They did not hand down fear to the succeeding generations.

Jesus Christ was fearless having a strong will power. The executors have been forgotten; the executed is still hailed and praised in songs after a thousand years.

Gandhiji was fearless. He instilled the need of fearless in the minds of the Young and the old.

Mentally dwarfed, spitually bankrupt and intellectually empty men have lived and died like ants. Nobody notices them. But people who stand for a cause and are fearless in the midst of bullets and tortures are the salt of the earth. They always conquer.

It is only when a man is willing to die for a cause that he will eternally live in the minds of men. Those who do not know how to live will die unwept, unsung and unhonoured. They come and go away without being noticed by others. Fearlessness however is not stoning the buses, burning the trains, looting the banks, and killing the common man. The individual who thinks must convert the mob into a disciplined group of dedicated people who must chisel in their minds- we live and we die as men!

Instill in everybody the seeds of courage, ambition and determination and then, with Tagore , they will sing;' where the mind is without fear and the head is held high.

Fear is the root of all evil. Change the mental attitude and life becomes pleasant.

**Proverbs are lamps to life**

The wise man does not teach by words, but by deeds.

If you wish to reach the highest, begin from the lowest.

Better to wear out than to rust out.

**Amazing facts about Venus**

Scientists speculate that Venus had oceans about four billion (4000 million) Years ago. Many of them think that the water evaporated due to the same green house effect, or warming phenomenon, that the earth is experiencing. The same kind of process that caused venus to lose its oceans- the heat of the sun trapped below a cloud cover- is now happening to the earth.

Planet Venus has a surface temperature of 480 degrees centigrade, hot enough to melt zinc. Its magnetic field is very weak and thick clouds blanket the whole planet. Venus atmospheric pressure is 100 times the atmospheric pressure of the earth.

Even 95 kilometers above the surface of Venus the atmosphere reaches 138 degrees centigrade in the day time, then cools to 77 degrees centigrade at night.

**Amazing figures**

The pyramid of Cheops (great Pyramid) in Egypt was built 4500 years ago. It took 22 years to construct this great pyramid. An unbelievable labor force of 1,00,000 common workers was used during the three months of every year when the Nile river flooded. The workers moved stones that weighed up to 2 tons. The height of the pyramid is 146.6 meters.

Burj Al Arab or Arabian tower in Dubai ( united Arab Emirates- West Asia) is now the tallest hotel in the world. The sail shaped hotel rises 371 metres above the Arabian Gulf.

Titan, the moon of the planet Saturn , has an ocean several kilometres deep. It contains not water but 70% ethane, 25% methane and 5% nitrogen according to the data from the American Space craft Voyager, analysed by scientists.

## Word power

This week's word is 'the atmospheric pressure of planet Venus'

Make as many words from these group of words and send it Mrs. Neelam Dalesh Momaya. The longest word wins a prize. Last week's prize goes to Pritesh Patel from Airoli, Navi Mumbai for his 428 words made from' the Jacobian Glacier. Congratulations Pritesh for your efforts. Must come up with more words next time.

## By the bye

If you wish to keep, keep up your promise.

If you wish to cultivate, cultivate good manners.

If you wish to read read good books.

If you wish to dress, dress the wounds of others.

If you want to kill , kill your pride.

If you want to write, write your mistakes.


If you want to sow, sow the seeds of love.

If you want to die , die for your country

***- Guru Tegh Bahadur***

## સાંઘવના આદરણીય મુરબ્બીશ્રીને આદરાંજલી

કચ્છ
સાંઘવ



મુંબઈ
દાદર

**શ્રી મુલજી રાઘવજી લોડાયા**

દેહવિલય - ૨૭-૭-૨૦૧૨

શ્રી સાંઘવ મહાજનની પ્રવૃતિઓમાં વર્ષો સુધી બહુમુલ્ય સેવાઓ પ્રદાન કરનારા, ઉદારદિલે અવિરત આર્થિક સહયોગ આપનારા, અમુલ્ય માર્ગદર્શન પુરૂં પાડનારા અને અંત સમય સુધી મહાજનની સેવાકીય પ્રવૃતિઓમાં દિલચશ્પી ધરાવનાર નિષ્ઠાવાન, હકારાત્મક વિચારધારાના પુરસ્કર્તા અને શાસનકાર્યો તથા જીવદયા પ્રવૃતિમાં સદાય સમર્પિત રહેલાં વડીલ મુરબ્બીશ્રી મુલજીભાઈની વસમી વિદાયથી સાંઘવગામને પડેલ ખોટ વણપૂરાયેલી રહેશે. સદ્‌ગત શ્રી મુલજીભાઈના સત્કાર્યોની અનુમોદના સહ એ દિવ્ય આત્મા પ્રતિ નત મસ્તકે ભાવવંદના, એમનો આત્મા સત્વરે મોક્ષપદને પામે એજ પ્રાર્થના...

**શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-સાંઘવ**

**શ્રી શામજી નરશી દંડ** (મુલુન્ડ) **શ્રી વિરચંદ મેઘજી ખોના** (ડોમ્બીવલી)
**શ્રી પ્રવિણ કુંવરજી મોતા** (ડોંબિવલી) **શ્રી રસીક દેવરાજ લોડાયા** (મુલુંડ)
**શ્રી વિપુલ ઠાકરશી પટેલ** (મુલુંડ)


## પધારો, જાતે નિહાળો અને વસાવો...

## કચ્છમાં જમીન રોકાણ

ફક્ત જૈનો માટે જ વાંકી તિર્થની તદન સામે N.A. થયેલ કંમ્પલેટ ટાઉનશીપમાં બાકી રહેતા માપ ૨૦૦ વાર = ૧૮૦૦ ચો.ફુટના સંપુર્ણ ડેવલપ્ડ જુજ પ્લોટો તદન વ્યાજબી ભાવમાં અન્ય ડેવલોપર્સની સરખામણીએ ખુબજ કીફાયતી ભાવે અને તે પણ મેન રોડ ટચ મોકાની જગ્યાએ,

સંપુર્ણ ભારતવર્ષના એક માત્ર દિવસ રાત ધમધમતા અને સતત વિકસતા અદ્યતન ખાનગી પ્રાઈવેટ પોર્ટ **મુંદ્રા** નજીક, મોટા ઉદ્યોગ સમુહ ટાટા, અદાણી ગ્રુપ અને ૨૦.૦૦૦ મેગા વોટ વીજળી ઉત્પાદન પ્લાન્ટની તૈયારી ઉપર, ૧૫ લાખ માનવીઓને રોજગારની ઉજળી તકો, આયાત-નિકાસનું મહાપ્રવેશ દ્વાર, પ્રગતિશીલ માહોલમાં આપના સંતાનો માટે ઉજજવલ ભવિષ્યની તક.

આ વિસ્તાર વર્ષ ૨૦૧૫ સુધી સાત તાલુકાને નવપલ્લીત કરાશે નર્મદાજીના સીંચાઈ નીરથી. આજે રોકાણકારો માટે અણમોલ તક. નજીકના સમયમાં ઉચું વળતર મળવાની પુરી શક્યતા.

**આપની સેવા અને માહિતી માટે અમારા પ્રતિનિધિ**

**શ્રી પરેશ વીરચંદ પટેલ-૦૯૯૭૮૫૭૬૬૨૧નો સંપર્ક કરશો.**

**શ્રી ભલારા દાદા એસ્ટેટ એજન્સી ગ્રુપ (પરિવાર)**

**ગાંધીધામ**

**વધુ વિગત સંપર્ક : લબ્ધિ મોમાયા-મો.૦૯૮૨૫૩૫૧૦૦૧**

॥ શ્રી વાસુપૂજ્યસ્વામીને નમઃ ॥ ॥ નમો નમઃ શ્રી ગુરૂ ગુણસાગરસૂરયે ॥

# શ્રી બેંગ્લોર નગરે અચલગચ્છના ચારેય ઘટકોનું ચતુર્વિધ સંઘના સૌભાગ્યે સમૂહ પર્યુષણ પર્વોત્સવ પ્રસંગે

## ॥ પ્રેમળ નિમંત્રણમ્ ॥

❋ દિવ્ય કૃપા ❋

અચલગચ્છાધિપતિ પૂ.આ.ભ.

શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મહારાજા

❋ આજ્ઞા-આશિષામૃતમ્ ❋

અચલગચ્છાધિપતિ પૂ.આ.ભ.

શ્રી. ગુણોદયસાગરસૂરીશ્વરજી મહારાજા

સાહિત્યદિવાકર પૂ.આ.ભ.

શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.

**તા.૧૩-૮- થી ૨૨-૮-૨૦૧૨**

❋ નિશ્રામૃતમ્ ❋

પ્રવચન પ્રભાવક મુનિ શ્રી દેવરત્નસાગરજી મ.સા.

મુનિ શ્રી તીર્થરત્નસાગરજી મ.સા.

મુનિ શ્રી દેવરક્ષિતસાગરજી મ.સા.

મુનિ શ્રી તત્વરક્ષિતસાગરજી મ.સા.

મુનિ શ્રી મેઘરક્ષિતસાગરજી મ.સા.

મુનિ શ્રી ચૈત્યરક્ષિતસાગરજી મ.સા.

પૂ.સા.શ્રી અર્હત્‌કીરણાશ્રીજી આ.ઠા.૫

ત્યાગરાજ નગરમાં બિરાજમાન છે.

આજે ફૂલોની નગરીમાં...
અનાયાસે આશ ફળી છે.
"ગુણસિન્ધુ" પરિવારની મધુર
સુવાસનું ઉદ્યાન અમારે ત્યાં રચાયું છે...
સમગ્ર બેંગ્લોરના જુદા જુદા સંઘોમાં
આપણા શ્રમણવૃંદને અહોભાવ
અને આદરભાવ મળતાં જોઈ
આંખો ગદ્‌ગદિત બની છે...
અમોએ પણ આ અણમોલ તક ઝડપી છે...
ગચ્છના ચારેય ઘટકોને
એક મંચપર ભેગા કરવાની,
ભેગા થઈ ગચ્છનું કાયમી સંભારણું
ઉભું કરવાના મનોરથો છે.
આવો, પધારો... અને
પ્રેમળ નિમંત્રણ સ્વીકારો...
ગમતાનો કરીએ ગુલાલ...
પામીએ આરાધનાનો આસ્વાદ...
રચીએ જીવન પ્રાસાદ...

❋ મહોત્સવ સ્થળ ❋

**શ્રી સંભવનાથ જૈન ભવન**

**મહાવીર જૈન કોલેજ પાછળ, વી.વી.પૂરમ-બેંગ્લોર**

(સંઘમાં જમવાની રહેવાની બધીજ વ્યવસ્થા રાખેલ છે) ફોનઃ ૪૧૫૩૩૫૯૭

રોજ સવારે... અતિ ઉછરંગ ભાવે...

- ❖ પ્રભુ પ્રક્ષાલ
- ❖ સમૂહ સ્નાત્ર
- ❖ ભક્તામર ગાન
- ❖ મુનિશ્રીના બે-બે પ્રેરણાદાયી પ્રવચનો
- ❖ ભાઈઓ અને બહેનોના અલગ પ્રતિક્રમણ
- ❖ મહાકાલીમાતાની ભાવના
- ❖ દરરોજ ભવ્ય આંગી રચના
- ❖ ગચ્છનું સંગઠન

બહારગામથી પધારનારની પણ બધી સુવિધા

ત્રણ જિનાલયોનો લાભ સંગાથ...

**ચૈત્યયાત્રારૂપે પધારો..**

ગદગ, બાગલકોટ, હુબલી, કાંદિવલી, ઘાટકોપર, માટુંગા બીબી-ભુજપુર, અંબરનાથ, ચેન્નઈ, કલિકટ, કોઈમ્બતુર, બીજાપુર, બારસી, મલકાપુર, મઝગામ આદિ સંઘો પધારી રહ્યા છે.

સંપર્ક : **જયચંદભાઈ-૦૯૮૮૬૧૦૯૯૧૨**

**જયનગર પેઢી (૦૮૦)૨૬૫૪૮૪૯૨**

નિમંત્રક : **બેંગ્લોર અચલગચ્છ જૈન સંઘ**

**શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-બેંગ્લોર**

**શ્રી. ક.વી.ઓ. જૈન સમાજ-બેંગ્લોર**

**શ્રી રાજસ્થાન અચલગચ્છ સમાજ-બેંગ્લોર**

**શ્રી મેવાડ અને ગુર્જર સમાજ-બેંગ્લોર**

**સંકલન-સંયોજન : શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-બેંગલોર**

# સમસ્ત દંડ પરિવારની અંતરભીની શ્રધ્ધાંજલિ

જન્મ : ૭-૨-૧૯૪૨
પિયરીયા
શા.નાગશી શામજી ઉદેશી મોતા પરિવાર
(કુઆપધર)



સ્વર્ગવાસ : ૭-૭-૨૦૧૨
સાસરીયા
શા.કુંવરજી શીવજી જેઠાભાઈ દંડ પરિવાર
(ભરૂડીયા-દલતુંગી)

## સ્વ. (અ.સૌ.) સરલા માણેકજી દંડને અર્પણ

*વારા પછી વારો **સરલા** તારા પછી મારો હશે,*
*ભુલવા પડશે ચાર ફેરા અને લાગણીઓના બંધન*
*જીવવું અને મરવું એજ હકિકત છે, બાકી બધું ફાની છે*
*લાખ ચોર્યાશીના ફેરા છે વ્હાલી ! એ તો ફરવા જ પડશે.*
*જીવનના તરણમાં ડુબકી તો મારવીજ પડે*
*પછી ભલે,*
***માણેક** મળે કે કાંકરા*
***નીલમ** મળે કે પથરા*
***પ્રીતી** મળે કે ફટકાર*
*જીવનનું **હિત** જાળવવું છે*
*મૃત્યુને પણ વધાવવું છે!*
*હવે જીવનરૂપી વીણા વગાડવી છે*
*પ્રેમરૂપી વંશવેલાને ઉછેરવો છે*
***જીગ્નેશ, જીનલ, ટ્રીશા**ના મન સંભાળવા છે.*
*જીવી તો મન ભરીને લીધુ છે.*
*અને હવે તો **માણેક** મારે, મરણને પણ માણવું છે.*

**-: વિયોગમાં વ્યાકુળ :-**

| | | |
|---|---|---|
| જીવનસાથી | : | **માણેકજી કુંવરજી દંડ** |
| પુત્ર-પુત્રવધુ | : | **અ.સૌ. વીણા હિતેશ માણેકજી દંડ** (દલતુંગી-સાંતાક્રુઝ) |
| પુત્ર-પુત્રવધુ | : | **અ.સૌ. જીનલ જીજ્ઞેશ ભવાનજી મોતા** (કુઆપધર-ઘાટકોપર) |
| જમાઈ-પુત્રી | : | **અ.સૌ. પ્રીતી નરેન્દ્ર માણેકજી નાગડા** (રંગપુર-કાંદીવલી) |
| જમાઈ-પુત્રી | : | **અ.સૌ. ભાવના ખુશાલ લાલજી મહેશ્વરી** (જખૌ-પુના) |
| જમાઈ-પુત્રી | : | **અ.સૌ. નીલમ રાકેશ રમેશ સંઘવી** (તલેગાંવ-પુના) |
| જમાઈ-દોહીત્રી | : | **અ.સૌ. ફોરમ સાકેત નવીન છેડા** (સુથરી-અંધેરી) |
| દોહીત્ર | : | **ઉત્કર્ષ** અને **સિધ્ધાંત** તથા પૌત્ર **વંશ** અને પૌત્રી **ટ્રીશા** |

**(ઋણસ્વીકાર : અમારા દુઃખમાં સહભાગી થનાર સર્વેનો આભાર)**

## ''કચ્છી કાવની સરવાણી''

(સંકલનકાર - સોમ ધરમશીં)

### કવિ તેજ - મણકો - ૧૩

### બે પંક્તિઓ નો મર્મી કવિ

## નિસર્ગ અને પ્રકૃતિનાં ગીતો

દુનિયાના વિવિધ દેશોમાં અલગ-અલગ ઋતુ પ્રવર્તમાન છે. ભારતમાં છ ઋતુઓ છે અને દરેક વૈવિધ્યથી સભર છે. ઋતુઓનું અનંતચક્ર ચાલે છે. કારતકથી આસો સુધી. જાન્યુઆરીથી ડિસેમ્બર સુધી. આપણે જાન્યુઆરીથી ડિસેમ્બર સુધીનાં અંગ્રેજી મહિનાઓ જાણીયે છીએ. (કે.જી અને નર્સરીમાં ગોખી-ગોખીને શિખડાવવામાં આવે છે.) A to Z સુધીનાં આલ્ફાબેટસ જાણીએ પણ ક, ક્કા બારાખડીનાં ક, ખ, ગ, ઘ કે કારતકથી આસો સુધીના હિન્દુ મહિનાનાં નામો ભુલી ગયા છીએ. આપણે આપણી ઋતુઓને પણ નામ અને ગુણોથી ભાગ્યે જ ઓળખીયે છીએ.

આપણે ત્યાં છ ઋતુઓનાં વર્ણન મળે છે. શરદ, હેમંત, શિશિર, વસંત, ગ્રીષ્મ અને વર્ષા. કાલિદાસે ઋતુ સંહાર લખ્યું અને ''આષાઢસ્ય પ્રથમ દિવસે''થી શરૂ થતું ''મેઘદુત'' રચ્યું. દુર્ગા ભાગવતે ''ઋતુચક્ર'' લખ્યું તો ગુરૂદેવ રવિન્દ્રનાથ ટાગોરનું શાંતિનિકેતન એટલે પ્રકૃતિની પાઠશાળા અને ત્યાં દર વર્ષે વરસોથી વર્ષા અને વસંતના ઉત્સવો ઉજવાય.

આપણે ત્યાં ઋતુવર્ણનનાં અને ઋતુ સ્પંદનનાં અનેક છંદોબદ્ધ કાવ્યો મળે છે. નાના હતા ત્યારે બોરીબંદરનાં (ગઈકાલનું વી.ટી. અને આજનું સી.એસ.ટી.એમ. જે નામે ભાગ્યે જ ઓળખાય છે.) કોટ વિસ્તારમાં (ફ્રોર્ટ એરિયા) આવેલી બજારગેટ હાઈસ્કૂલમાં (કદાચ અહીં બજાર ભરાતી હતી અને તેનો દરવાજો ત્યાં હશે) બાળપોથી અને ૧લા, ૨જા ધોરણોમાં ઋતું વિશેનું જ્ઞાન કાવ્યમય આપવામાં આવતું.

**''શરદ શી સુએ વાદળા ગયાં;**
**જળ નદી તણાં નિતર્યા થયાં.''**

તેમજ પાઠ્યપુસ્તકમાં શ્રી દલપતરામનું એક કાવ્ય વાંચવાનું યાદ છે... **''રૂડો જુઓ આ ઋતુરાજ આવ્યો મુકામ તેણે વનમાં જમાવ્યો.''**

વર્ષા રાણી અને ઋતુરાજ વસંત એ મદ્ ચડાવી પ્રેમ કરવા પ્રેરે એવી ઋતુઓ છે. વર્ષા થતાં જ ધરતી પરથી એક મીઠી મજાની સોડમ માણવા મળે (પણ આ માટે ગામડામાં હોવું જરૂરી-શહેરનાં રસ્તા પર તો ખાબોચીયા મળે.) અને ઋતુરાજ વસંતનાં આગમને ધરતી જાણે એક નવયોવનાં નવપલ્લવિત થઈ હોય એવું લાગે - શહેરનાં કૌક્રિટનાં જંગલમાં કયાંક કોઈક રસ્તા પર કેસુડા કે ગુલમહોરનું એકાદ ઝાડ દેખાય જ્યારે ગામડાનાં વગડામાં વનરાજી, રંગબેરંગી ફુલો, રંગથી અને ભમરાઓનાં ગુંજનથી અનેરી શોભા પાથરી દે છે.

સિમેન્ટ કોંક્રીટનાં જંગલમાં વસવાટ કરતા મુંબઈ અને અન્ય શહેરનાં નિવાસીઓને ઋતુદર્શનનો અમુલ્ય લાભ ૮=૪૦ની ડબલ ફાસ્ટ પકડવામાં મળતો નથી એ લાભ ખાટવા કયાંક દેશાવરમાં કે કચ્છ જેવા પ્રદેશની મુલાકાત લેવી પડે અથવા વસવાટ કરવો પડે. સીમાડા રખડતા રખડતા કવિ 'તેજ'ને ઋતુઓની વિશિષ્ટ અનુભૂતિઓ થઈ છે જે તેમની કલમથી કાગળ ઉપર ટપકી છે. પ્રથમ કવિરાજનાં વસંત ઋતુનાં કચ્છી કાવ્યોની આચમની લઈએ અને પછી ગુજરાતી સાહિત્યમાં આ લાખેણી ઋતુના અન્ય કાવ્યોની લ્હાણી કરીએ.

### વસંત આવઈ અજ વનમેં

ભ્રમર ચેંતો કમલજે કનમેં
વા! વા! વસંત આવઈ અજ વનમેં
જોબનસેં ઝુમી ઉથઈ વનરાઈ,
પંખીડ઼ા ખુસીજા ગીતડ઼ા ગાઈ,
પનાં-પન મુરકેંતો અજ મનમેં,
વા! વા! વસંત આવઈ અજ વનમેં
કુંપરૂં ખિલેં કુડેંતિયું કેંડ઼િયું,
વરી પવન તિકું ડેંતો તેંડ઼્યું,
મસ્તી જાગઈ ફૂલેંજે અજ ધિલમેં
વા! વા! વસંત આવઈ અજ વનમેં
વન ભન્યો કાનુડ઼ો અજ રાધા ભનઈ વસંત,
હીયું હીયેસેં મિલ્યો ઉડ્યો પ્રેમજો રંગ,
કોયલ બંસી ગજઈ અજ ગગનમેં,
વા! વા! વસંત આવઈ અજ વનમેં

કચ્છના કોઈક ગામડેથી પસાર થતાં વચ્ચે છવાયેલ વનમાં કવિને વસંતનાં વધામણાં થાય છે અને વસંત આવે એટલે નવાં ફુલો આવે તેથી ભમરાઓની પણ ભરમાર હોય-કવિ ભમરા દ્વારા કહે છે કે આજે વસંત વનમાં પધારી છે અને આખી વનરાઈ જોબનથી મચી પડી છે. પંખીઓ પણ વસંતના આગમનનાં ગીતડાં ગાઈ વનને ગજવી મુકે છે. કુંપળો ફુટી રહી છે, મંદ મંદ વાતો અનિલ અને ફુટી રહેલા રંગબેરંગી ફુલો આજ દિલમાં મસ્તીભર્યું તોફાન ઉભું કરે છે વર્ષા અને વસંત બન્ને મનમાં પ્રેમના ભાવ જગાડે છે. વર્ષામાં પ્રેમનો ઉન્માદ ટ્રીવ હોય છે, જ્યારે વસંતમાં મંદ મંદ. પ્રેમની આ પરાકાષ્ઠા કવિ રાધા અને કનૈયાનાં રૂપમાં જુએ છે અને વનને કાનુડાની ઉપમા જ્યારે રાધાને વસંતની ઉપમાંથી નવાજે છે. કોયલનાં ટહુકાઓથી વનરાવન ગાજી ઉઠે છે અને મન પિયામિલનની પ્યાસથી.

**પ્રકાશ સમીક્ષા સમાચાર સંકલન**

સંસ્થા સમાચાર · જ્ઞાતિ સમાચાર · વતન સમાચાર

**જ્ઞાતિને સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

### શ્રી સમસ્ત ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન

સમસ્ત મહાજન દ્વારા ભારતભરના જ્ઞાતિ જનજાગરણ સંપર્ક અભિયાન હેઠળ હવે મહારાષ્ટ્ર એકમના વિસ્તારમાં જ્ઞાતિજનો સાથે મેળાવડા યોજી જ્ઞાતિના સામુહિક પ્રશ્નો અંગે અને જ્ઞાતિના સર્વાંગીણ વિકાસ અંગેના વિચારો જાણશે. તા.૮ થી ૧૧ ઓગસ્ટ ૧૨ દરમ્યાન નાંદેડ, અમરાવતી, ખામગામ, જલગામ, ધુલીયા, ઔરંગાબાદ, અહમદનગર અને પુના વિસ્તાર અને આસપાસના ગામોની જ્ઞાતિવસતીનો સંપર્ક કરાશે. વધુ સંખ્યામાં જોડાવવા જ્ઞાતિજનોને અપીલ છે.

### શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન–મુંબઈ

મુંબઈ મહાજનની સમાજોપયોગી પ્રવૃતિઓ એ યોજનાઓના સુંદર પ્રતિસાદરૂપે મહાજનશ્રીને દાતાઓ તરફથી વિવિધ દાન મળી રહ્યા છે. હાલમાંજ નવી દાન શ્રેણીમાં કાંસ્યદાતા તરીકે દરેકના રૂ.સવા લાખ પ્રમાણે શ્રી પ.ડેમચંદ શામજી નાગડા (જખૌ-મુલુંડ) તથા શ્રી રાહુલ મેઘજી ધુલ્લા (સુથરી-મુલુન્ડ) જોડાયા છે.

### શ્રી ભરત ખીમજી મોતા

શ્રી ભરતભાઈ હુબલી મહાજનના વહીવટદાર છે. તેઓ વર્ષ ૨૦૧૨-૧૩ માટે લાયન્સ ક્લબ હુબલીમાં ઉપપ્રમુખ તરીકે નીમાયા છે. આ નિમણુંક બદલ હાર્દિક અભિનંદન.

### વરાડીયા જિનાલયે ૧૦૯મી સાલગીરા ઉજવણી


વરાડીયા તીર્થે શ્રી ચિંતામણી પાર્શ્વનાથ પ્રભુજીની ૧૦૯મી સાલગીરા નિમિતે શ્રાવણ સુદ ૪ના પ્રભુજીના ૧૮ અભિષેક થયેલતથા શ્રાવણ સુદ ૫ના ૧૦૯મી સાલગીરાની ધ્વજા ચઢાવવામાં આવેલ. શ્રી વરાડીયા જૈન મહિલામંચ (મુંબઈ)ની પ્રેરણાથી મુંબઈથી ૨૨ ભાવિકો આ પ્રસંગે વરાડીયા જઈ મહોત્સવમાં ઉમળકાભેર ભાગ લીધેલ. મુળનાયક ૧૮ અભિષેકનો લાભ ૯૦૦૦ મણમાં શ્રી કીરીટ તથા મહેન્દ્ર હંસરાજ ડાઘા પરિવારે તથા ધ્વજાનો લાભ ૮૦૦૦ મણમાં શા. કુંવરજી આણંદજી મોમાયા તથા શા. ચીમનલાલ શામજી મોમાયા પરિવારે લીધેલ. કુલ ઘૃત ૩૩ હજાર મણ થયેલ. મલકાપુરથી પધારેલ વિધિકાર શ્રી રાજુભાઈ તથા તેમના સાથીદારોએ સંગીતના તાલમાં સર્વે વિધિ વિધાન કરાવેલ. ટ્રસ્ટીઓ શ્રી નિરંજન કેશવજી મોમાયા (મુંબઈ) તથા શ્રી અશોક દામજી ડાઘા (કોઈમ્બતુર) હાજર રહેલ. શ્રાવણ સુદ ૪ના સાધર્મિક ભક્તિનો લાભ મા. ભાગ્યવંતીબેન વીરચંદ ડાઘા તથા પાંચમના સાધર્મિક ભક્તિનો લાભ મા. કસ્તુરબાઈ દામજી ડાઘા પરિવારે લીધેલ.

### શ્રી ડાઘા ચેરીટેબલ ટ્રસ્ટ (કોઇમ્બતુર) દ્વારા વરાડીયા શાળામા ગણવેશ વિતરણ

તા.૨-૪-૭-૧૨ના શ્રી ડાઘા ચેરીટેબલ ટ્રસ્ટ (કોઈમ્બતુર) હ. સૌ. ચંદાબેન તથા શ્રી અશોક દામજી ડાઘા તરફથી વરાડીયા જુથ પંચાયત શાળાના ૪૦૦ જેટલા વિદ્યાર્થીઓને બે જોડી ગણવેશ (યુનીફોર્મ) ભેટ આપવામાં આવેલ. આ પ્રસંગે આયોજિત સમારંભમાં શાળાના વિદ્યાર્થીઓએ પ્રાર્થના, નૃત્ય તથા યોગવિદ્યાના પ્રયોગો રજુ કરેલ. શાળાના સંચાલકો તરફથી શ્રી અશોક ડાઘા તથા સૌ. ચંદાબેન ડાઘાનું સન્માન કરવામાં આવેલ. આ પ્રસંગે ગામના સરપંચ, સ્થાનિક ગામવાસીઓ તથા જિનાલયના ધ્વજારોહણ પ્રસંગે સારી સંખ્યામાં જ્ઞાતિજનો હાજર રહેલ.

### દ.ભા.ક.દ.ઓ. જૈન એકમ


દક્ષિણ ભારત એકમ દ્વારા વર્ષ ૨૦૧૧-૧૨ના અન્વેષિત હિસાબો બહાર પાડવામાં આવ્યા છે.

**ABDASA (KACHCHH) GAUSHALA TRUST**

Trust Regn. No. E–2071 – Kachchh • P. A. No. AABTA 7039 A

C/o. Vipul Shivji Damaji, Village Rapar Gadhwali, Taluka Abdasa (Nalia), Dist. Kachchh (Bhuj), Gujarat State, Pin Code - 370 645 • Tel. : (02831) (952831) 273256



**Mumbai Office :** 602-B, Prem Nagar No. 6, M.C.F. Udyan Marg, Borivali (W), Mumbai - 400 092. Tel. : 2893 6173 / 2890 4500

## અરીહંત બેંક-ડોંબીવલી શાખા તૃતિય વર્ધાપન દિન

શ્રી અરીહંત કો-ઓપ. બેંક લિ.ની ડોંબિવલી શાખાના તૃતિય વર્ધાપન દિને રવિ. તા.૨૯-૭-૧૨ના શાખા કાર્યાલયે ગ્રાહકો, શેર હોલ્ડરો અને શુભેચ્છકોનો મેળાવડો ભરાયેલ.. બેંકના ચેરમેન શ્રી કુમાર દંડે સૌને આવકારી બેંકની પ્રગતિના આંકડા અને સિધ્ધિઓ ગણાવી ગ્રાહક મિત્રોનો આભાર માનેલ.. કાર્યક્રમ સૂત્ર સંચાલન શ્રી નિતીન સાયલાએ કરીને ડોંબિવલી શાખાની પ્રગતિની સિધ્ધિઓ દર્શાવી હતી અને ત્રણ વર્ષમાં શાખાએ નેત્રદિપક પ્રગતિ સાધી છે તેનો ચિતાર દર્શાવેલ. આભાર દર્શન શ્રી પારસ પટેલે કરેલ.. માનવંતા અગ્રણીઓનું પુષ્પગુચ્છથી સ્વાગત કરાયું. બેંકના શુભેચ્છકો અને ગ્રાહકમિત્રોએ બેંકની સેવા બદ્દલ પ્રશંસા કરી બેંકને વધુ પ્રગતિની શુભેચ્છા આપી.. કાર્યક્રમનાં અંતે અલ્પાહાર લઈ સૌ છુટા પડ્યા.

### જલગામ નગરે નવકાર દરબાર

અચલગચ્છાધિપતિ, તપસ્વીરત્ન પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસુરીશ્વરજી મ.સા.ના આજ્ઞાવર્તીની પૂ. જયલક્ષ્મીશ્રીજી મ.સા.ના સુશિષ્યા પૂ. જયદર્શિતાશ્રીજી મ.સા.ની પ્રેરણા અને નિશ્રામાં નવકાર દરબારનું ભવ્ય આયોજન થયેલ.. સવ્વા કરોડ નવકાર મહાયંત્રના જાપ સંકલ્પ સાથે આ નવકાર દરબારનું ઉદ્ઘાટન દાતા પરિવાર માતુશ્રી મધુરીબાઈ ભવાનજી લોડાયા (કોઠારા-ચાલીસગામ-ઘાટકોપર)ના હસ્તે કરવામાં આવ્યું.. મંત્રાક્ષર પૂજા-પંચપરમેષ્ઠિ સ્થાપના સાથે સડસઠ દિવસીય જાપનો શુભારંભ થયેલ છે. જાપ તા.૭ જુલાઈ થી ૧૧ સપ્ટેંબર સુધી રાખવામાં આવેલ છે. ખાનેદશમાં ચોપડા, ચાલીસગામ, ધરણગામ, ભુસાવળ, અમલનેર, પાચોરા વિગેરે ગામોમાં પણ નવકાર જાપ ચાલુ છે. ત્રણસો થી અધિક આરાધકો જાપ અભિયાનમાં જોડાયા છે.

### જલગામ નગરે જ્ઞાન શિબીરો

પૂ.જયદર્શિતાશ્રીજી મ.સા. તથા પ.પૂ. હિમાંશુશ્રીજી મ.સા.ની નિશ્રામાં નાના-મોટા બાળકો તથા બહેનોની શિબીરો ચાલુ છે. આનંદ-ઉત્સાહથી નાના મોટા સહુ આરાધનામાં ભાગ લઈ રહ્યા છે.

નાના બાળકોની શિબીર દર શનિવારના રાખવામાં આવે છે. નવકારમંત્ર, પ્રભુસ્તુતિ, ચોવિસ ભગવાનના નામ બાળકો ફટાફટ બોલતા થઈ ગયા છે. જિનશાસનને પામ્યા પછી પ્રભુ દર્શન અને પૂજાનું મહત્વ સમજી ગયા છે. છેલ્લા બે શનિવારના ૧ મિનિટમાં ખમાસણા કોણ વધુ આપે છે? તથા એક મિનિટમાં સાથિયા કોણ વધુ કાઢે છે એની સ્પર્ધા રાખવામાં આવેલ. વિજેતાઓને ઇનામ શ્રીમાન પ્રતાપ ધરમશી (સુથરી-નાગપુર) તરફથી તથા પ્રભાવના શ્રી જલગામ શ્વે. મુ. સંઘ તરફથી આપવામાં આવે છે.

૯ થી ૧૫ વરસના બાળકોની શિબરો દર રવિવારના રાખવામં આવે છે. નવકાર, ઓમકાર, સમવસરણ, અષ્ટપ્રકારી પૂજા વગેરે શિખાડવામાં આવે છે. બાળકોની નવકાર સજાવટ, હાઉસી, જ્ઞાનગંગા વગેરે સ્પર્ધાઓ રાખવામાં આવેલ. જેમાં વિજેતાઓને ઇનામ મોક્ષય પ્રજેશ નાગડા (નલિયા-હુબલી) તરફથી આપવામાં આવેલ તથા પ્રભાવના શ્રી સંઘ તરફથી આપવામાં આવે છે.

બહેનોની શિબીર દર બુધવારના "નારી તું નારાયણી" એ વિષય ઉપર ચાલે છે. પ્રથમ શિબીરમાં વડોદરાથી પધારેલ સૌ. નિર્મલાબેન (જયાબાઈ) તારાચંદ ધરમશીએ જૈન ધર્મ અને જ્યોતિષ ઉપર સુંદર પ્રકાશ પાડેલ. લોગસ્સ સૂત્ર આધારીત પેપર રાખવામાં આવેલ.. પ્રશ્નોત્તર હાઉસી રાખવામાં આવેલ.. વિજેતાઓને શ્રીમતી ઈન્દિરાબેન જયંતિલાલ વિકમશી તરફથી ઇનામ આપવામાં આવેલ. દર રવિવારના વિવિધ અનુષ્ઠાન રાખવામાં આવે છે.

### શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-નલીયા

મહાજનની વાર્ષિક સામાન્ય સભામાં વર્ષ ૨૦૧૧-૧૨ના અન્વેષિત હિસાબો રજુ કરાશે.

### બેલ્લારી ગુજરાતી મહિલા સેવા મંડળ

મંડળની જુલાઈની મિટિંગ સૌ. રસીલાબેન શાહના ઘરે મળેલ. પ્રાર્થનાગીત બાદ સામાન્ય ચર્ચા થઈ. સૌ. પ્રજ્ઞા હીરાચંદ મૈશેરીએ મંડળે સોંપેલ પાણીની ટાંકીના સમારકામનું હિસાબ આપી, વધેલા.. રૂા.૪,૭૦૦ મંડળમાં જમા કરાવ્યા.. નજરલ હેલ્થ ચેકઅપ કેમ્પ રાખવા વિષે


જ્ઞાતિના સર્વાંગીણ વિકાસ માટે સમર્પિત

**શ્રી નરશી જેઠાભાઈ દંડ પરિવાર**

(વરાડીયા-મલકાપુર)

**M/s. VIRCHAND NARSHI COTTON PVT. LTD.**

**Asia's First ISO 9001:2000 Certified Gin Press**

ચર્ચા કરી યોજના કરવામાં આવી. ત્યારબાદ રસીલા બેને બોટલની ગેમ રમાડી જેમાં પ્રથમ સૌ. ચાર્મી નિખિલ મૈશેરી તથા દ્વિતીય પુરસ્કાર નિર્મલાબેન કેનિયાને મળ્યું. સરપ્રાઈઝ પુરસ્કાર સૌ. નીતા શરદ મૈશેરીને મળ્યું. અંતે જમીને સૌ છૂટા પડ્યા.

તા.૧૬-૭-૧૨ના મંડળ તરફથી છોટા-બાલાજી પિકનિક યોજાઈ. બહેનોએ સારી સંખ્યામાં ભાગ લીધો. બાલાજીના દર્શન કરી બહેનોએ સૌ. સરલા વિજય મૈશેરીએ લાવેલ ગેમ્સ રમી. જેમાં સૌ. નીપા મેહુલ કેનિયા, સૌ. નીતા શરદ મૈશેરી, સૌ. ચાર્મી નિખિલ મૈશેરી તથા સૌ. હીના રાજેશ મુનવરને ઈનામ મળ્યા. બપોરે આંધ્ર પ્રદેશનું ખાણું માણી, ચા-પાણી લઈ સૌ ઘરે પાછા ફર્યા.

## મસ્જીદબંદર સંઘમાં ચાતુર્માસ આરાધના

અત્રે તા.૬-૮-૧૨થી અક્ષયનિધિ તપની શરૂઆત થશે. તૃતિય સ્મરણ સ્તવનના આધારે અભિષેક અનુષ્ઠાન છે. પૂ.શ્રી સંયમગુણાશ્રીજી આ.ઠા.ની નિશ્રામાં સંઘમાં વિવિધ ધાર્મિક અનુષ્ઠાનો, વ્યાખ્યાનો, શિબિરો અને ગુરૂ વંદના આદિ કાર્યક્રમો થઈ રહ્યા છે.

## શ્રી ક.દ.ઓ. જૈન સર્વોદય મંડળ-મુલુન્ડ

મંડળની વાર્ષિક સામાન્ય સભા રવિ. તા.૧૨-૮-૧૨ના સવારે ૧૧ વાગે વીરજી જીવરાજ મેપાણી હોલમાં મળશે જેમાં વર્ષ ૨૦૧૧-૧૨ના અન્વેષિત હિસાબો, વાર્ષિક અહેવાલ આદિ રજુ કરાશે.

## સુરિ ગુણ જન્મ શતાબ્દિએ તપસ્વીઓને યાત્રા

પૂ.આ.શ્રી ગુણસાગરસુરીજીની જન્મશતાબ્દિ વર્ષની ઉજવાણીમાં ૧૫૦૦ જેલા વરસીતપના આરાધકોને તા.૪-૧૨-૧૨ના હસ્તીનાપુરીયાત્રા અને ૬-૧૨-૧૨ના શત્રુંજય તીર્થયાત્રા અને ૮-૧૨-૧૨ના ૭૨ જિનાલય તીર્થ યાત્રા કરાવાશે. આ યાત્રાનો સ્પે. ટ્રેન દ્વારા આયોજન છે. જેનો લાભ શ્રી નવીન ઉમશી ગંગર અને શ્રી ધનજી ગેલાભાઈ ગાલા પરિવારે લીધેલ છે. આ સ્પે.ટ્રેનના સંઘની વ્યવસ્થા શ્રી ચેતન મેઘજી મોતા (TMT હોલીડેઝ) નિસ્વાર્થભાવે કરશે.

## મા. મોંઘીમા નાગશી દેવાણી કન્યા છાત્રાલય

જામનગર સ્થિત જ્ઞાતિની શૈક્ષણિક સંસ્થા દ્વારા કન્યાઓને શિક્ષણ માટે સર્વથા સુંદર વ્યવસ્થા સાથે સહાયભુત થવાય છે. વર્ષ ૨૦૧૨-૧૩ માટે ૨૬ વિદ્યાર્થીનીઓ લાભ લઈ રહી છે. શિક્ષણ ઉપરાંત અન્ય ઉયોગી શિક્ષણેતર સાંસ્કૃતિક પ્રવૃતિઓ અને વ્યક્તિત્વ વિકાસની પ્રવૃતિઓ દ્વારા કેળવણી અપાય છે.

## શ્રી ક.દ.ઓ. જૈન મહારાષ્ટ્ર એકમ

એકમની વાર્ષિક સામાન્ય સભા તા.૯-૧૧-૧૨ના ધુલીયામાં શ્રી તિલોકચંદ નરશી દંડની અધ્યક્ષતામાં મળશે જેમાં વાર્ષિક અહેવાલ અને હિસાબો રજુ કરવામાં આવશે. આ ઉપરાંત અખિલ મહારાષ્ટ્ર મહિલામંચના કાર્યક્રમો અને સ્પર્ધાઓ યોજાઈ છે.

## શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-કોઠારા

કોઠારા મહાજન, દેરાસરજી અને પાંજરાપોળ ટ્રસ્ટના તા.૩૧-૩-૧૨ સુધીના અન્વેષિત હિસાબો જાહેર કરાયા છે.

## બેંગલોરમાં પર્યુષણની સમૂહ આરાધના

બેંગલોર પ્રથમ વખત શ્રમણવૃંદનો યોગ મળતા પુ.આ.શ્રી ગુણસાગરસૂરિજીની જન્મશતાબ્દિએ મુનિશ્રી દેવરત્નસાગરજીની નિશ્રામાં સમગ્ર બેંગ્લોરમાં અચલગચ્છીય પરિવારોનું સંયુક્ત આયોજન શ્રી બેંગ્લોર અચલગચ્છ જૈન સંઘના નેજા હેઠળ રાખેલ છે. શ્રી ક.દ.ઓ., ક.વિ.ઓ. રાજસ્થાનના અચલગચ્છના પરિવારોને તેમજ દક્ષિણ એકમ આદિ સ્થળોથી કોઈને પણ આરાધનાર્થે પધારનાર માટે તમામ વ્યવસ્થા ગોઠવાઈ છે. તા.૧૩-૮ના શ્રી સંભવનાથ ભવનમાં પ્રભુનો પ્રવેશ કરાવાશે પૂ.મુનિવરો પણ આઠ દિવસ સંભવનાથ ભવને સ્થિરતા કરશે. આઠે દિવસ સાધર્મિકભક્તિની વ્યવસ્થા ગોઠવાઈ છે. ૧૦ દિવસ બાદ પૂજ્યશ્રીએ પુનઃજયનગર પધારશે. અચલગચ્છનું ઉપાશ્રય અને ભવનની વિચારણાઓને વેગ અપાશે.

યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા...
TAN MAN® TOURS & TRAVELS
દાદર મુલુંડ પાર્લા
9323360708 • 25903514-5-6
24160708 • 32960708 • 65005758
tanmantravels@yahoo.co.in

"કચ્છ શક્તિ" નારીરત્ન એવોર્ડ વિજેતા
સૌ. ફાલ્ગુની હીરેન નાગડા
(નલીયા-અમદાવાદ)ને
હાર્દિક અભિનંદન...
- "તન-મન" ટુર પરિવાર

SHIKHARJI'S FIRST & ONLY HOTEL WITH FACILITY LIKE ***
SHIKHARJI Continental™
MADHUBAN - JHARKHAND
શીખરજીની સર્વ પ્રથમ અને એકમાત્ર આપણી પોતાની ★★★જેવી સુવિધાયુક્ત AC હોટલ

## બેંગ્લોરમાં આરાધનાનો વસંતોત્સવ

બેંગ્લોરમાં ગુણસિંધુ પરિવારના પ્રવચન પ્રભાવક મુનિ શ્રી દેવરત્નસાગરજી આ.ઠા.-૬ની નિશ્રામાં પ્રતિદિન ધ્યાનશતક, સોમવારે શત્રુંજય કથા, શનિવારે સુવ્રત કથા અને રવિવારીય જીવન સંસ્કરણ શિબિરનું આકર્ષણ જામ્યું છે. પૂજ્યશ્રી ૩ કલાક સુધી જીવનસ્પર્શી વાતો સમજાવે છે. પ્રતિદિન રાજસ્થાન પત્રિકા, દક્ષિણ ભારત અને મારવાડ પત્રિકામાં પ્રવચન સાર પ્રકાશિત થાય છે. રક્ષાબંધને પ્રભુને રાખડી બાંધો અનુષ્ઠાન ઉજવાયો. ૪૦૦ શ્રાવિકાઓએ ભ્રૂણ હત્યા, રાત્રિભોજન અને કંદમૂળ ત્યાગની પ્રતિજ્ઞા સ્વીકારી. સમૂહ ધર્મચક્રતપમાં ૮૦ આરાધકો જોડાયેલા છે. ત્રણ માસ અને પાંચ માસ બ્રહ્મચર્યવ્રત પાલન અભિયાન શરૂ છે. મુ.શ્રી દેવરક્ષિતસાગરજીએ ત્રણ રવિવાર સંસ્કાર વાટિકાના બાળકોને સમજ આપી મુ.શ્રી તીર્થરત્ન, મેઘરક્ષિત, ચૈત્યરક્ષિતસાગરજીનું વરસીતપ અને મુ.શ્રી દેવરક્ષિત, તત્વરક્ષિતસાગરજીની વર્ધમાન તપ ઓળી ચાલે છે.

## શ્રી ક.દ.ઓ. મંડળ-ડોંબિવલી

મંડળ દ્વારા તા.૧૫-૭-૧૨ તથા ૨૨-૭-૧૨ના કે.બી.વીરા સ્કુલમાં સાંસ્કૃતિક હરીફાઈઓ યોજાઈ. ૧૦૦ થી વધુ જ્ઞાતિજનોએ વિવિધ હરીફાઈઓમાં ભાગ લીધેલ. નાના બાળકોથી લઈ મોટાઓએ હોંશભેર ભાગ લીધેલ. સર્વે વિજેતાઓને વિવિધ ઈનામ અપાયાં. વન મિનિટ, ધાર્મિક અંતાક્ષરી, વેસ્ટમાંથી બેસ્ટ, ચિત્રકામ વગેરે સ્પર્ધાઓ હતી.

તા.૨૯-૭-૧૨ AIMS હોસ્પીટલ-ડોંબિવલીમાં ડો. વી.એમ.શેટ્ટી તથા મંડળ દ્વારા ઘુંટણ અને હીપ રીપ્લેસમેન્ટનાં ચેક અપ તથા એક્સરે કાઢી નિષ્ણાંત ડોક્ટરો દ્વારા તપાસવામાં આવેલ. ૧૫૦થી વધુ જ્ઞાતિજનોએ આ શિબિરમાં ભાગ લીધેલ. તા.૧૫-૮-૧૨ના મહાકાળીની ભાવના છે.

## શેઠ નરશી નાથા સભાગૃહ-ભાંડુપ

અનંતનાથ ટ્રસ્ટ દ્વારા જ્ઞાતિ શિરોમણી શેઠ નરશી નાથા સભાગૃહ-ભાંડુપને અદ્યતન સુવિધાથી સજજ કરવામાં આવેલ છે અને સંપુર્ણ વાતાનુકુલીત (A.C.) પણ બનાવવામાં આવેલ છે. જ્ઞાતિજનો માટે અને અન્ય માટેના A.C. અને Non A.C. હોલ ભાડા અલગ છે. વહેલો તે પહેલોના ધોરણે લેખિત અરજીથી હોલ બુકીંગ થાય છે. કેટરીંગ કોન્ટ્રેક્ટર ફાઈવ સ્ટાર કેટરીંગને અપાયેલ છે. સંપર્ક ફોન : 9867135444 / 9322727088 / 9833039980

## ભુલસુધાર

ગતાંકમાં જીવનસંધ્યા-ગદગની જા.ખ.માં વૈદ્યકીય સારવાર ફંડમાં રૂા.૫,૦૦૦/- **ગીતેશ મહેન્દ્ર છેડા (સુથરી-અમદાવાદ)** નું નામ સુધારીને વાંચવું.

## ઝુકી તો જવાય ને

છેલ્લા બે મહિનાથી મને ઉલ્ટી ગેસ ખારા ઓડકારની તકલીફ રહેતા મુંબઈ ઈલાજ ચાલુ હતા. પરંતુ ફરક પડતો નહોતો. યોગાનુયોગ સાંગલીમાં રહેતા અમારા જમાઈના સુચનથી સાંગલીમાં આપણા ગેસ્ટ્રોલોજીસ્ટ **ડૉ. રાજેશ દેવજી ઘરમશી** MDનું ૨૨-૧૨-૧૧ના એપોઈન્ટમેન્ટ લીધું. તેમણે બધી વિગત સાંભળી. Endoscopy કરતાં પેટમાં ગાંઠ છે તેનું નિદાન થયું અને તેમણે મારી દિકરીને અલગથી બોલાવી અને અભિપ્રાય આપેલ કે તેમને પેટમાં કેન્સરની ગાંઠ છે, Biopsy રિપોર્ટ આવતાં નિર્ણય લેશું પરંતુ આ દરમ્યાન મને પેટમાં કંઈ ન રહેતા અશક્તિ, નબળાઈને કારણે મને હોસ્પીટલમાં દાખલ કરવું જરૂર રહેતાં તેમણે આગળનો વિચાર કરી મિરજની શ્રી સિધ્ધિવિનાયક કેન્સર હૉસ્પીટલ ઉપર આગળ ઉપચાર માટે પત્ર લખી આપી અને રિપોર્ટ પોજીટીવ આવતાં ત્યાંની રિપોર્ટ તપાસણી પછી તા.૩૦-૧૨-૧૧ના ઓપરેશન નક્કી થયું. ૫ કલાક આ ઓપરેશનમાં પોતાની અત્યંત વ્યસ્તતા છતાં સમય કાઢી હાજર રહી અમને ઘણી ધીરજ-હિમ્મત આપી તેમજ તે પછી પણ ૬ મહિનાના ઉપચાર કાળમાં રાજેશભાઈએ પોતાનો સમય આપી માર્ગદર્શન આપતા રહ્યા.

આજે હું સ્વસ્થ છું અને મને નવું જીવન મળ્યું છે. તેનો શ્રેય ડૉ. રાજેશ ઘરમશીને આપું છું. આવા પરોપકારી ભાવનાના ડોક્ટર માટે ઝુકી તો જવાય ને.

- ***લીલાવંતી તારાચંદ ખોના*** (કલવા)


શુભેચ્છા સહ...
Laxmichand Dharshi
MOTA SHIPPING AGENCY
C.H.A.No.11-0404

શુભેચ્છા સહ...
શ્રી ઉત્તમચંદ કલ્યાણજી ખોના (કોઠારા)
UKKHIMJI & CO.
144, Vasant Market Yard, 4th Lane,
Sangli MH - 416 416 Tel. 2670910/2322057


## પાસ થયા અભિનંદન !



નેવીલ રાજેશ મોમાયા
(ઘાટકોપર)
SSC - 84.36%



ધવલ હરીશ મોમાયા
(ઘાટકોપર)
SSC - 80%



તરલીન પંકજ દંડ
(ઘાટકોપર)
Dip.in E&C Engg.74.06%




કુ. પ્રિયંકા અશોક નાગડા
(જલગામ)
B.Sc.(Anim.& Graphic)-82.31%



કુ. ફાલ્ગુની હરીશ શિયાલ
(મુલુન્ડ)
B.E.(Comp.)MBA(Fin)-77%



ડોલી રમેશ દંડ
(ડોંબિવલી)
B.Com.-78%




નિરાલી કાંતિલાલ નાગડા
(મુલુન્ડ)
T.Y.B.Com. - 82.85%



હિલોની મોહીત શાહ
(સાગલી)
SSC - 81.82%



નેહા મહેશ મોમાયા
(હુબલી)
B.Com. - 74.14%



જિહાન નિલેશ વિક્રમશી
(પરેલ)
C.A.



સુમીત શાહ
(ડોંબિવલી)
TYBCom.



મીકીર લહેરચંદ ખોના
(ગાંધીધામ)
C.A.

## નવા/બદલાયેલા સરનામા-ફોન નંબર (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **વીરચંદ નેણશી ધરમશી** | ૧, મનશ્રી એપા., ફાતીમા નગર, જૈન મંદિર પાસે, પુના. ફોનઃ ૯૬૮૯૮૮૭૯૨૫ |
| **જયકુમાર હીરાચંદ સોની** | ૯ સ્નેહ સુગંધ, લક્ષ્મી નગર, ચાલીસગામ-૪૨૪૧૦૧ ફોનઃ ૯૮૬૦૦૪૭૭૦૪, ૯૨૨૬૫૮૧૯૧૮ |
| **રાહુલ એચ. લાલકા** | બીલ્ડીંગ ડી-૬, પ્લોટ ૧૮, મહાડા કોલોની, મુલુન્ડ (ઈ), મુંબઈ-૪૦૦૦૮૧ |
| **હરીશ લખમશી દંડ** | ન્યુ ડેનીશ એપા. ઈ બ્લોક, બીજો કમ્બા ક્રોસ રોડ, કુદરોલી, મેંગલોર-43003 ફોનઃ 9449505377/9483505531 |
| **પંકજ રતીલાલ મોતા** | ૩/૨૬ માનબાઈ કેશવજી વાડી, વીલેજ રોડ, ભાંડુપ (વે), મુંબઈ-૭૮. ફોનઃ 09757279997, 09757059975 |

## નવા/બદલાયેલા ફોન નંબર (પુરું નામ-હાલનું ગામ સાથે ફોન નંબર આપવું)

| | | | |
|---|---|---|---|
| ભવાનજી રાઘવજી લોડાયા-મુલુંડ | ૬૭૭૩૮૧૪૧૧૯૩ | રમેશ ત્રીકમજી શિયાલ-સાંગલી | ૯૪૨૨૦૪૨૦૦૬ |
| અંજના રમેશ શિયાલ-સાંગલી | ૯૪૨૩૮૭૨૩૧૦ | ભાવેશ રમેશ શિયાલ-સાંગલી | ૯૪૨૨૬૧૩૪૩૫ |
| શિલ્પા શિયાલ-સાંગલી | ૯૮૨૨૪૧૩૭૧૦ | મયુરી રમેશ શિયાલ-સાંગલી | ૯૪૨૩૮૭૨૯૨૧ |

## જીવનચક્ર (જીવનચક્ર માટેની વિગત છપાય છે તે પદ્ધતી અનુસાર વ.પ.કુ.નં. સાથે જ મોકલવી)

### જન્મ (બાળકનું નામ નાખ્યા બાદ જન્મનોંધ મોકલો.)

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૬-૬-૧૨ | માટુંગા | VRMO240303 | આર્યા-પ્રિયેષકુમાર પૃથ્વીરાજ મોમાયા | વરાડીયા | કન્યા |
| ૨૦-૪-૧૨ | ડોંબિવલી | DALO030604 | અક્ષિત-દિપેશ પ્રવીણચંદ્ર લોડાયા | દલતુંગી | પુત્ર |
| ૨૫-૪-૧૨ | અમદાવાદ | BDDU | વીર-બ્રીજેશ લક્ષ્મીચંદ ધુલ્લા | બાંઢિયા | પુત્ર |

### આંતરજ્ઞાતિય સગપણ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૪-૬-૧૨ | સાયન | A | પરાગ નરેન્દ્ર ભાવસાર | અમદાવાદ | ૨૬ |
| | વડાલા | RADH2603 | પ્રાંજલ નિરંજન દેવચંદ ધરમશી | રંગપુર | ૨૫ |

### સગપણ છૂટા

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૦-૭-૧૨ | ડોંબિવલી | BYKR010803 | હેમલ મુકેશ લક્ષ્મીચંદ કુરવા | બાયઠ | ૨૫ |
| | ડોંબિવલી | LLMA040304 | દેવશ્રી નવીનચંદ્ર ઉમરશી મૈશેરી | લાલા | ૨૩ |

### મરણ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૯-૭-૧૨ | રંગપુર | RANG011701 | રાયચંદ પુનશી શીવજી નાગડા | રંગપુર | ૭૮ |
| ૨૭-૭-૧૨ | મુલુંડ | LLDD020902 | પ્રભાવંતી સોમચંદ નરશી દંડ | લાલા | ૬૯ |

# શ્રધ્ધાંજલિ



: જન્મ :
તા. ૧૪-૦૭-૧૯૫૧

: અરિહંતશરણ :
તા. ૯-૭-૨૦૧૨

## સ્વ. શ્રી તિલકચંદ મુલચંદ છેડા

(સુજાપુર - નાંદેડ)

સમય જિંદગીમાં ઓછો હશે! ક્યાં ખબર હતી?
વિદાય તમારી અણધારી હશે! ક્યાં ખબર હતી?
કેટલું જીવ્યા! તે નહિં પણ કેવું જીવ્યા?

ધ્યેયલક્ષી વ્યક્તિત્વ, શૂન્યમાંથી સર્જન કરનાર, સરળતા,
સંસ્કારિતા, સાદગી, નિખાલસતા, સાંસારિક જીવનમાં સમર્પિત રહીને
સુપેરે ફરજ બજાવનાર, સંતાનોનું સંસ્કારી જીવન ઘડનાર,
ધર્મ અને પ્રભુભક્તિમાં પ્રીત ધરાવનાર, તમારા ઉત્તમ કાર્યો
અને નિઃસ્વાર્થ સેવાની સુશોભિત સ્મૃતિજ્યોત
અમારા સૌના અંતઃકરણમાં અનંતકાળ સુધી પ્રજ્વલિત રહેશે.
આપનો દિવ્ય આત્મા પરમ પદને પામો, એજ પરમાત્માને પ્રાર્થના....

**આપના વિના અધુરા અમે સૌ....**

**ધર્મપત્ની :** લતા તિલકચંદ છેડા
**પુત્રો-પુત્રવધુઓ :** સૌ. કલ્પના કીર્તિ છેડા • સૌ. અમિતા દિપેશ છેડા
**પુત્રી-જમાઈ :** સૌ. સારિકા ધીરેન ખોના (સુથરી)
**પૌત્ર-પૌત્રીઓ :** ચિ. પ્રીત અને નિવ, ચિ. ખુશી અને કાવ્યા
**બહેનો :** સૌ. નયના નરેન્દ્ર મોમાયા (નલીયા) • સૌ. ઉષા દિપક મેશેરી (સાંધાણ)
**તેમજ શ્રી હીરજી નાગશી છેડા સમસ્ત પરિવાર**
**સાસરા :** શા. રતનશી દામજી ધરમશી
ગં.સ્વ. લક્ષ્મીબાઈ લાલજી ધરમશી સમસ્ત પરિવાર બાર્શીવાળા (સાંધાણ)
**સાળી :** ગં.સ્વ. નલિની મહેન્દ્ર શિયાડ (તેરા)
**પિતાતુલ્ય મામા :** શા. હિરાચંદ અરજણ પટેલ (લોડાયા) સમસ્ત પરિવાર બાંઢીયા

**શોકાતુર : સમસ્ત છેડા અને ધરમશી પરિવાર**

## !! HEARTIEST CONGRATULATIONS !!



**FALGUNI HARISH SHIYAD**

(B.Com. Dec 87)
(Tera - Mulund)

BE (Computers) and recently passed MBA (Finance) with 77%

Working with L&T Infotech Ltd., Mumbai as a Business Analyst

***: Best Wishes From :***

| | | |
|---|---|---|
| દાદી-દાદા | : | સુમતીબેન ઠાકરશી શિયાડ |
| નાની-નાના | : | વનિતાબેન વાલજી નાગડા (તેરા-કરાડ) |
| મમ્મી-પપ્પા | : | રીટાબેન હરીશ શિયાડ |
| Mobile | : | 98207 93652 |
| E-mail | : | harishshiyad@yahoo.co.in |

## હાર્દિક અભિનંદન

નાગડા અને છેડા પરિવારનું ગૌરવ







**ચિ. કુણાલ જયંત નાગડા**
( નલિયા - હુબલી )

ચિ. કુણાલ C.A. પાસ થઈને અમારા પરિવારનું ગૌરવ વધાર્યું છે. તેના ઉજ્જવલ ભવિષ્ય તથા ઉતરોતર પ્રગતી માટે અંતરની શુભેચ્છા.

( શુભાશિષ )

દાદાણા : લક્ષ્મીચંદ ગોવીંદજી નાગડા ( નલિયા - હુબલી )
નાનાણા : જેઠાભાઈ દેવણાધ છેડા ( નલિયા - મુલુન્ડ )
માતા - પિતા : મીરાં જયંત લક્ષ્મીચંદ નાગડા.
બહેન - બનેવી : અમી અક્ષય અનીલ વીકમશી ( ખામગામ - વરાડીયા )

ફોન : 0836 - 2287778 / મો : 7411183419

## હાર્દિક અભિનંદન



**કુ. પ્રિયંકા અશોક નાગડા**

(જખૌ - જલગામ)

B.Sc. (Animation & Graphics) માં ૮૨.૩૧% ગુણાંક મેળવીને યશસ્વી થઈ છે, તે બદલ હાર્દિક અભિનંદન. ભવિષ્યમાં પણ આવા ઉચ્ચ પ્રગતિના શિખરો સર કરે એવી શુભેચ્છાઓ.

**: અમી આશીર્વાદ :**

| | | |
|---|---|---|
| દાદી-દાદા | : | માતુશ્રી ચંદનબાઈ નારાણજી નાગડા પરિવાર (જલગામ) |
| નાના-નાની | : | સ્વ. માતુશ્રી કસ્તુરબાઈ કલ્યાણજી ગોશર પરિવાર (સેંધવા - ગોયરસમા) |
| મમ્મી-પપ્પા | : | સૌ. જયશ્રી અશોક નાગડા |
| બહેન | : | સૌ. હર્ષિકા અને કુ. ઉર્વિકા |

## ગોશર અને ખોના પરિવારનું ગૌરવ

**હાર્દિક અભિનંદન**



**ચિ. જીગર પ્રદીપ ખીમજી ગોશર**

(ઉ. વ. ૨૬) (બાયઠ - મુલુંડ)

દેવ-ગુરુ પસાયથી તથા વડીલોના આશીર્વાદથી **ચિ. જીગર** CA Final ની પરીક્ષામાં પ્રથમ પ્રયાસમાં જ ઉત્તીર્ણ થઈ અમારા પરિવારનું ગૌરવ વધાર્યું છે. જીવનમાં એવીજ સફળતાની સીડી સર કરી પરિવાર તથા જ્ઞાતિનું નામ રોશન કરે તેવી શુભેચ્છા!

**: શુભાશિષ :**

| | | |
|---|---|---|
| દાદી-દાદા | : | સ્વ. ધનબાઈ ખીમજી ગોશર |
| નાના-નાની | : | ગં.સ્વ. લક્ષ્મીબાઈ વાલજી ખોના (નલીયા) |
| મમ્મી-પપ્પા | : | સૌ. પ્રિતિ પ્રદીપ ગોશર |
| કાકા-કાકી | : | સૌ. જલ્પા પંકજ ગોશર |
| ફઈ-ફૂઆ | : | રાજુલા તથા સૌ. ગીતા અરવિંદ લોડાયા |
| બહેનો | : | ચિ. સલોની તથા ચિ. રુચિ |

***એવમ્ શા. મેઘજી હીરજી ગોશર સમસ્ત પરિવાર***

# સ્વ શ્રી આણંદજી હિરજી લધા ખોના પરીવાર નું ગૌરવ



















અ
ભિ
નં
દ
ન



અ
ભિ
નં
દ
ન










## મિકીર લહેરચંદ ખોના



ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ

CA









ગામ – સાંધવ, હાલે – ગાંધીધામ

## Congratulations......







અસાંજે આખે ક્રોટમ જો તારલો તું.... ચમકાય ખોને જો વારસો તું....
અજ અસાજી છાતી ગજ–ગજ ફુલે.... થ્યો ભણી–ગણી ને અવલ તું....
ન્યાલ કેં, નાલો બુલંદ કેં, કુળજો.... થઈ ગણીતજો મહારથી તું....
તુ સાંધવ જો સપુત અઈયેં..... ને ક.દ.ઓ. જો રત્ન અઈએં....
પણ પંઢજે વતન લા, પંઢજે નાત લા,
છેલ્લે પંઢજે કુટુંબ લા વખણાજે હેડા કમ કઈજ
ઈજ અસાંજા ધલજા આર્શિવાદ.......







ગં. સ્વ. કાન્તાબાઈ આણંદજી ખોના સમસ્ત પરીવાર
ના ખુબ ખુબ અભિનંદન
ગામ – સાંધવ, હાલે – ગાંધીધામ(કચ્છ)


















**C.D.O. Prakash Samiksha R.N.I. No. MAHGUJ/1998/04640**
**Regd. No. MH/MR/East/53/2012-14**
**Posting: Monday/Tuesday Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai-400 001.**

# સપ્તમી પુણ્યતિથિએ ભાવભરી શ્રધ્ધાંજલી

ગામ સેવક
ભરૂડીયા



હાલ
મુલુંડ-મુંબઈ





## સ્વ. નવલબેન મણીલાલ દંડ

પ્રભુ શરણ - શુક્રવાર તા. ૫-૮-૨૦૦૫

મનુષ્ય દેહ નાશવંત છે. પરંતુ સતકર્મોની સુગંધ અને સ્નેહરૂપી જીવનની
મધુર સ્મૃતિ ઓ સદાય પ્રજ્વલિત બની રહે. આપની પ્રત્યક્ષપણે વાત્સલ્યરૂપી શીતળ છાયા ગુમાવી છે.
પરંતુ આપના દ્વારા થયેલું જીવન ઘડતર સંસ્કારોનું સિંચનસૌ પ્રત્યે કરૂણાભાવ અને સંઘર્ષ સાથે
સકારાત્મક જીવનશૈલ રૂપી દિવ્ય જ્યોતિનો પ્રકાશ અમને સદાય આત્મબળ અને પ્રેરણા આપી રહયો છે.
આપના આશીર્વાદ અમને સદાય પ્રાપ્ત થતા રહે અને આપના
ચિંધેલા માર્ગે અમે ગતિશીલ રહીએ એજ પરમકૃપાળુ દેવને મંગલ પ્રાર્થના.

**લી. આપની દિવ્ય કૃપાના સદાય અભિલાષી**

**સુપુત્ર :** શ્રી મહેન્દ્ર મણીલાલ દંડ
શ્રી અશોક મણીલાલ દંડ
શ્રી રાજેશ મણીલાલ દંડ

**પુત્રવધુ :** અ.સૌ. હેમલતા મહેન્દ્ર દંડ
અ.સૌ. ઉર્મીલા અશોક દંડ
અ.સૌ. સંગીતા રાજેશ દંડ

**દિકરી :** સ્વ. મધુબેન રતીલાલ અનમ
અ.સૌ. સંગીતા કિશોર લાપસિયા

**જમાઈ :** શ્રી રતિલાલ વાઘજી અનમ
શ્રી કિશોર ગોવિંદજી લાપશિયા

**પૌત્ર :** શ્રી પિયુષ મહેન્દ્ર દંડ
શ્રી વિરલ રાજેશ દંડ

**પૌત્રવધુ :** અ.સૌ. છાયા પીયુષ દંડ

**પૌત્રી / જમાઈ :** અ.સૌ. નિશા ધર્મેશ લાપશિયા - અ.સૌ. ખુશ્બુ ચિરાગ ધુલ્લા
અ.સૌ. પ્રિયંકા નિખિલ ધુલ્લા

**દોહીત્રી / જમાઈ :** અ.સૌ. મનીષા (ટીના) અલ્પેશ કોઠારી

**પૌત્રી :** હિમાનશી **દોહીત્ર:** નીરજ, ધવલ **દોહીત્રાવધુ :** તનવી

**પરદોહીત્રી:** નીયતી અલ્પેશ કોઠારી **પરપૌત્ર :** પ્રથમેશ પિયુષ દંડ **પરદોહેત્ર :** તરેન, હમીત

To,

*If undelivered, please return to :*
C.D.O. Prakash Samiksha, C/o. Shri R. R. Nagda, 29/41, Tamarind Lane, Rajabahadur Compound, Near Stock Exchange Bldg., Fort, Mumbai-400 001.
Printed & Published by JAYANT V. CHHEDA on behalf of C.D.O. PRAKASH SAMIKSHA SAMITI and Printed at SUMANGAL ARTECH, Plot No. G-8, Cross Road, 'A' M.I.D.C. Andheri (East), Mumbai-400 093. and Published from 115, Tirupati Industrial Estate, Subhash Nagar, Village Road, Bhandup (West), Mumbai-400 078. Editor : Raichand R. Nagda